## આઠ
# હિમાલયથી આમંત્રણ

વિક્રમ સંવત ૧૯૮૫નો ચૈત્ર માસ ચાલુ થઈ ગયો હતો, તે પહેલાં કારતક મહિનાથી નવી સંવત આરંભ થયાના પાંચ મહિના આમ જ પસાર થઈ ગયા. ચૈત્ર માસની નવરાત્રિ પર આખા આંબલખેડા ગામમાં શક્તિપૂજા અને રામાયણના પાઠના આયોજનોનો ક્રમ શરૂ થઈ ગયો. તેના પણ ચાર પાંચ દિવસ પસાર થઈ ગયા. શ્રીરામની સાધના જે રીતે ચાલતી હતી તે રીતે ચાલુ જ રહી. એ અદ્‌ભૂત, અનોખી અને અલૌકિક હતી. છતાં પણ એ દિવસોમાં તેમણે નિરાહાર રહેવા સંકલ્પ લીધો. માત્ર પાણી અને દૂધ પર જ નિર્ભર રહ્યા. સંભવ છે ત્યાં સુધી એ ચૈત્રમાસની પાંચમનો દિવસ હતો. એ દિવસે તેઓ લગભગ વહેલી સવારે અઢી ત્રણ વાગે ઉઠી ગયા અને દરરોજની જેમ ઉપાસનામાં લાગી ગયા. જો કે તે પહેલાં ઉઠતી તથા નહાતી વખતે જ તેમના મનમાં આનંદ, ઉમંગ, ઉત્સાહનો મહાસાગર હિલોળા લઈ રહ્યો હતો. ખરેખર તો આગલા દિવસની સાંજથી જ મનમાં જાતજાતના વિચારો આવી રહ્યા હતા કે આવતી કાલે સવારથી જ કંઈક નવીન ક્રમ શરૂ કરવાનો છે. શું આરંભ કરવાનું છે, એ આભાસ સ્પષ્ટ થઈ રહ્યો ન હતો. પરંતુ એ જરૂર લાગી રહ્યું હતું હવે આગલા પડાવ પર જવા રવાના થવાનું છે.

મહાપુરશ્ચરણ માટે નક્કી કરાયેલા જપની સંખ્યા અને ધ્યાન પૂરું થઈ ગયું. સવિતા દેવતાને જપ સમર્પિત કર્યા પછી પ્રદક્ષિણા કરી શ્રીરામ હજી બેઠા જ હતા કે અંદરથી અવાજ આવ્યો. આ દિવ્ય વાણી પોતાના એ જ માર્ગદર્શક આત્માના કંઠમાંથી પ્રસ્ફૂટિત થતી હોય એમ પ્રતીત થઈ રહ્યું હતું, કે જેમણે તેમને બે વર્ષ પહેલાં વસંત પંચમીના દિવસે હિમાલયની યાત્રા કરવા નિર્દેશ કર્યો હતો. એ દિવસે કે જે દિવસે પૂજાની ઓરડીમાં પોતાના ગુરુજીનો સાક્ષાત્કાર થયો હતો. જે પવિત્ર સુગંધથી વાતાવરણ મહેંકી ઉઠ્યું હતું અને આત્મામાં ઉમંગ છવાઈ ગયો હતો. આજે પણ બરાબર એવી જ સ્થિતિ સર્જાઈ, ફરક માત્ર એટલો જ હતો કે એ દિવ્ય આત્મા પ્રગટ ન થયો અને વાણી પણ એવી સ્પષ્ટ ન હતી કે બીજા કોઈને સંભળાય. એનું અંતર જગતમાં ગુંજન થયું. પાછલી વખતે પ્રત્યક્ષ સાંનિધ્ય માટે જે બોલાવવાની વાત કહેવામાં આવી હતી, એ સમય હવે આવી ગયો હતો. કહેવામાં આવ્યું કે ચૈત્ર માસ શરૂ થતાં જ હિમાલય તરફ જવા પ્રયાણ કરી દેવાનું છે. હવે ત્યાં જ મુલાકાત થશે.

પાંચમી નવરાત્રિના દિવસે પાછલી વસંત પંચમીના દિવસે આપેલા નિર્દેશને યાદ કરાવવામાં આવ્યો. હજી ઉત્તરાખંડના પહાડી રસ્તાઓમાં બરફ છવાયેલો છે અને બદ્રીકેદારના દ્વાર પણ બંધ છે. લગભગ આ મહિનાની અંદર ત્યાંના દ્વાર ખુલશે. આ યાત્રાની તૈયારી કરવામાં અને ત્યાં સુધી પહોંચવામાં આટલો સમય તો લાગી જ જશે. આ બધા જ પવિત્ર સ્થળોનો પ્રવાસ ખેડતા ખેડતા આગળ સુધી પહોંચવાનું છે. આ સૂચનો બહારથી ક્યાંયથી નહીં, પરંતુ આંતરિક સૃષ્ટિમાંથી પ્રગટ થઈ રહ્યા હતા. એવું લાગી રહ્યું હતું કે અંદર બેસી કોઈ બોલી રહ્યું છે, બતાવી રહ્યું છે. એ પ્રેરણા યા નિર્દેશ અંગે લાંબો સમય સુધી વિચારતા રહેવા માટે કોઈ અવકાશ ન હતો. સ્ફુરણા જ સંકલ્પ બની ગઈ હતી કે હવે ચાલવાની તૈયારી કરવાની છે. સંધ્યા સમયના જપમાંથી નિવૃત થયા પછી તરત જ તાઈજીને કહેવામાં આવ્યું કે આજે મને મારા ગુરુદેવ તરફથી આદેશ મળ્યો છે.

''શું આદેશ મળ્યો છે?'' તાઈજીએ પૂછ્યું. 'થોડા સમય સુધી તેમના સાંનિધ્યમાં રહેવાનું છે.' શ્રીરામે જવાબ આપ્યો.

હવે તાઈજીને શ્રીરામ અંગે મનમાં કોઈ શંકા જ રહી ન હતી કે તેઓ હિમાલય ચાલ્યા જશે અથવા બીજે ક્યાંય ચાલ્યા જશે અને પછી ક્યારેય પાછા નહીં ફરે યા સાધુ-સંન્યાસી બની જશે. તેમણે પૂછ્યું કે ''કેટલા દિવસ માટે જવાનું છે?''

શ્રીરામે જવાબ આપ્યો કે ''એ તો મને ખબર નથી, પરંતુ મને લાગે છે કે તેઓ મને ચાર પાંચ દિવસ પોતાની પાસે રાખશે. આવવા જવા માટે બીજા દસ બાર દિવસ સમજો.''

આ જવાબ સાંભળી તાઈજીના ચહેરા પર રજા આપવાનો ભાવ પ્રગટ થયો. પછી તેઓ બોલ્યા, 'ઠીક છે જો બે અઠવાડિયાનો સમય લાગતો હોય તો. એટલા દિવસ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરીને જ જા.' પછી થોડા અટકીને બોલ્યા, 'આ બાજુ તો ઋતુ બદલાઈ ગઈ છે. ગરમીના દિવસ શરૂ થઈ ગયા છે. પરંતુ તુ જે દિશામાં જઈ રહ્યો છે ત્યાં હંમેશા ઠંડી રહે છે. ઓઢવા, પહેરવા, પાથરવાની ચીજવસ્તુ લઈ જવામાં બેદરકારી ન દાખવતો. ઠંડી માટે પહેરવાના કપડાં પોતાની સાથે જ રાખજે.'

તેઓ તો ક્યાંય પણ અટક્યા વગર એક જ શ્વાસે બોલી રહ્યા હતા. 'તુ શું લઈ જવાનો હતો, હું બધો સામાન મારા હાથથી ભરી દઈશ અને સાંભળ, પેલા પંડિતજી પાસે જઈને પૂછી લે. તેઓ અવારનવાર હરિદ્વાર ઋષિકેશ

જતા આવતા રહે છે અને આગળ ઉપર છેક ગંગોત્રી સુધી પણ જઈ આવ્યા છે. ત્યાંના રસ્તાઓ અંગે તેમને પણ પૂરતી જાણકારી છે. સાચી સલાહ તને ત્યાંથી જ મળશે.'

શ્રીરામે તાઈજી સાથે હિમાલયવાસી ગુરુદેવ, તેમના દર્શન અને ભાવી નિર્દેશો અંગે વધુ કોઈ ચર્ચા કરી ન હતી. બે ચાર વાર તુટક તુટક થયેલ વાતચીત દરમ્યાન તેઓએ માત્ર આટલું જ જણાવ્યું હતું કે તેમના ગુરુદેવ હિમાલયમાં ક્યાંક રહે છે. તેઓ ક્યાંય પણ આવી જઈ શકે છે. પોતાને અંતર્ધ્યાન કરી શકે છે. પ્રગટ પણ થઈ શકે છે વગેરે વગેરે. જ્યારે તેમણે કહ્યું કે મારા ગુરુદેવનો સંદેશો આવ્યો છે, ત્યારે તાઈજીને સમજતાં વાર ન થઈ કે શ્રીરામ પોતાના પેલા સિધ્ધ ગુરુ અંગે બતાવી રહેલ છે. હવે એમનો વિશ્વાસ દૃઢ બની ગયો હતો કે શ્રીરામ તેમને ક્યારે પણ દૂર નહીં કરે અને ન તો બાવો કે જોગી બની જશે. વિશ્વાસ માટે કોઈ સ્પષ્ટ કારણ સમજમાં આવી રહ્યું ન હતું. તેમણે તો પોતાના ચિરંજીવને હિમાલય તરફ પ્રસ્થાન કરવા મંજૂરી આપી દીધી. શ્રીરામના સંબંધમાં દૂરના કાકા લાગતા પંડિત ધર્મદીને તેમને કહ્યું- ''ભાભી આપ તેને એકલો ક્યાં જવા દઈ રહ્યા છો? ક્યાંક તેને કોઈ સાધુ-સંન્યાસી વૈરાગની પડીકી ન પિવડાવી દે.''

તાઈજી આ રમૂજ ભરી સલાહ પર હસી હસીને લોટપોટ થઈ બેવડ વળી ગયા. પછી તેઓએ એટલું જ કહ્યું કે તેનો રસ્તો ખૂબ જ સુગમતાથી કપાઈ જાય, તેને માટે કોઈ વધારે મુશ્કેલી ન પડે એવી કોઈ જો શિખામણ આપી શકો તેમ હોય તો આપો. શ્રીરામ જેવી રીતે જઈ રહ્યો છે, બરાબર એ જ રીતે તે પાછો ફરશે મને પાકો વિશ્વાસ છે. તાઈજીને બીજા અનેક લોકોએ પણ શ્રીરામને એકલા ન જવા દેવા યા હિમાલયથી બચતા રહેવાની સલાહ આપી દીધી. પરંતુ તાઈજીએ આ બધી વાતો સામે આંખ આડા કાન કરી દીધા અને જાણે તે ન સાંભળી હોય તેમ કરી દીધું.

તેમને લાગી રહ્યું હતું કે ચૈત્ર-વૈશાખ મહિનામાં પણ બદ્રીકેદારની આસપાસ હાડને ગાળી દેનાર, ગાત્રોને થીજવી દેનાર ઠંડી પડતી હોય છે. આ બાજુ પોષ-મહા મહિનામાં જેવી ઠંડી હોય છે, એના કરતાં અનેક ઘણી ઠંડી એ બાજુ વૈશાખ-જેઠ મહિનામાં રહેતી હોય છે. તાઈજી ક્યારે પણ એ વિસ્તારમાં ગયા ન હતા, પરંતુ બદ્રીકેદારની યાત્રા કરી પાછા ફરેલ સાધુ સંતો તથા અન્ય લોકો પાસેથી આ બધી વાતો સાંભળી હતી. એટલા માટે તેમણે શ્રીરામને ઠંડીના સમયે જે ગરમ ચીજવસ્તુઓ ખવડાવતા હતા તે આપવાની ચાલુ રાખી.

આ આહાર તેઓ ચૈત્રમાસની નવરાત્રિ પછી બંધ કરી દેતા. આ ચીજ વસ્તુમાં ખાસ કંઈ ન હતુ. તાઈજીએ તેમને મધ, આદુ, ગોળ, મગફળી, તલ વગેરે ચીજો ખવડાવવાની ચાલુ રાખી.

તેમને માટે હિમાલયની યાત્રાનો અર્થ બદ્રીનાથ, કેદારનાથ સુધી મર્યાદિત હતો. બહુ થાય તો ગંગોત્રી અને યમુનોત્રી સુધી પણ જઈ શકે; પરંતુ એ ખૂબ આગળની વાત હતી. શ્રીરામે જ્યારે તેમને કહ્યું કે હિમાલય જવાનું છે, ત્યારે તેઓ માત્ર કેદારનાથ સુધી જ સમજ્યા હતા. ન તો તેમણે શ્રીરામને કંઈ વધુ પૂછપરછ કરવાની જરૂરિયાત જણાઈ કે ન તો શ્રીરામે તેમને વધુ કંઈ બતાવ્યું. તેમને સ્વયંને પણ ખબર ન હતી કે હિમાલયની યાત્રાનું આ આમંત્રણ કયા વિસ્તાર સુધી પહોંચવા માટે છે.

તાઈજીએ લોકોને પૂછી પૂછી મોટા બે થેલામાં સુતરાઉ અને ઉનના ગરમ કપડાં ઉપરાંત મોજા, કપડાના બુટ, કામળો, લાકડી, મીણબત્તી, ટોર્ચ વગેરે સામાન બાંધી દીધો. કોઈએ કહ્યું કે શ્રીરામને ટ્રંક આપજો એમાં જ બધો સામાન ભરી દેજો, તે વધારે સારું રહેશે. વરસાદ વગેરેથી ભીંજાશે પણ નહીં. તો તાઈજીએ જવાબ આપ્યો, કે એ ટ્રંક એટલો બધો ભારે હશે, કે તેને ઉઠાવતા ઉઠાવતા જ છોકરો થાકીને લોથપોથ થઈ જશે. હવે રહી વરસાદની વાત તો છોકરો પોતાના શરીરને જ્યાં છુપાવી દેશે. ત્યાં સામાન પણ થેલામાં સલામત બની જશે. યાત્રા માટે વિદાય આપ્યા પહેલાં તાઈજીને છત્રી યાદ આવી ગઈ. હવેલીમાંથી તેને શોધી કાઢી બહાર આવીને શ્રીરામને પકડાવી દીધી. આ બાજુ શ્રીરામ પણ હિમાલયના પ્રવાસ માટે સંપૂર્ણ રીતે સુસજ્જ હતા.

## ઓછામાં ઓછો સામાન

શ્રીરામને તાઈજીએ વાત્સલ્ય અને પ્રેમપૂર્વક જે સામાન બાંધી આપ્યો હતો એ કંઈ વધુ પડતો ન હતો. વજનની દૃષ્ટિએ જોવા જઈએ તો માંડ એકાદ મણ અર્થાત્ ૨૦ કિલો જેટલું પણ ન હતું. જ્યારે તેઓ ૨૩ એપ્રિલના દિવસે ઋષિકેશ આવી પહોંચ્યા ત્યારે તેમને એવું લાગ્યું કે આ સામાન કંઈક વધારે છે. એ જ દિવસે સાંજે ગંગાના પવિત્ર તટ પર બેસી ધ્યાન કરવા યોગ્ય જગ્યા શોધી લીધી. એપ્રિલના અંતમાં ઋષિકેશની આસપાસનું વાતાવરણ ઉષ્મા ભર્યું બની જાય છે. ઠંડી બિલકુલ ઓછી થઈ જાય છે. જો કે ગરમીનું આગમન પણ પૂરેપૂરું થયું હોતું નથી. આજે તો યાત્રાળુઓનો પ્રવાસ બારે માસ ચાલુ રહે છે અને ઠંડી ગરમીથી બચાવ કરવા માટે મોંઘા કે સસ્તા તમામ સાધનો સરળતાથી મળી જાય છે. પરંતુ આ તો ઈસ્વીસન ૧૯૨૭-૨૮ની વાત છે. જ્યારે આજના જેવી પરિસ્થિતિઓ ન હતી. ત્યારે ગરમ કપડાં સાથે લઈ ચાલવું આર્થિક

પરિસ્થિતિ સારી હોવાનું દ્યોતક સમજવામાં આવતું. મધ્યમ શ્રેણીના અને તેનાથી કંઈક વધુ સારી આર્થિક સ્થિતિ ધરાવતા લોકો પણ તડકામાં શરીર શેકવાને યા આગ પાસે ઉભા રહી તાપવાને ઠંડીથી શરીરનો બચાવ કરવાની એક રીત માનતા. બન્ને ઉપાય ન અજમાવી શકવાની સ્થિતિમાં લોકો એકી સાથે ત્રણચાર કપડાં પહેરી લેતા હતા.

હેમાદ્રી ઉત્તંગ ગિરિશિખરોની કટિમેખલા પર ઉગેલી લીલીછમ વનરાજી, નમણો વળાંક લઈ કલકલ વહેતી ભાગીરથી જાહન્વી ગંગાના શ્વેત-ધવલ શીતળ નિર્મળ નીરમાં અલપઝલપ ઝાંય ઢોળતી મનને અલૌકિક અવર્ણનીય આનંદથી પ્રફુલ્લિત કરી રહી હતી. આખા દિવસની રઝળપાટ કર્યા પછી થાકનો અનુભવ કરી રહેલા સહસ્રાંશો રત્નો જડિત સુવર્ણ રથારુઢ ભગવાન ભાસ્કરે અસ્તાંચલ પર આવી ડોકિયું કર્યું. તેની સાથે જ સલૂણી સંધ્યાના રંગો ખિલી ઉઠ્યા. પળ બે પળ વીતી ન વીતી ત્યાં નિશાએ નીલાંબરની આંખમાં શ્યામલ કાજળ આંજવાનો આરંભ કરી દીધો.

એ દરમ્યાન શ્રીરામે ગંગાના પતિત પાવન નીરમાં હાથ પગ મોં ધોઈ આસન લગાવી નિત્યનો સંધ્યા પૂજનનો ક્રમ પતાવી દીધો. ત્યારબાદ ધ્યાન લગાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યાં તેમની નજર ગંગાના તટ પર બેઠેલા સંન્યાસીઓના ટોળા પર પડી. તેઓએ સ્નાન કરી અંગ લુછી નાખ્યા પછી પોતાના થેલામાંથી ભભૂતિ બહાર કાઢી પોતાના શરીર પર ચોળવા લાગ્યા. ભભૂતિ લગાવેલ સંન્યાસીઓ તો શ્રીરામ આ પહેલાં અનેક વાર જોઈ ચુક્યા હતા. પરંતુ ત્યારે તેમનું ધ્યાન એ તરફ ગયું ન હતું. પરંતુ આજે તેમને સમજાયું કે શરીરને ઠંડીથી બચાવ કરવા આ એક સારી રીત છે. સંન્યાસીઓના એ ટોળાએ સંધ્યા પૂજનનું નિત્યકર્મ પતાવી પોતાના મુકામ તરફ જવા પગ ઉપાડ્યા. તો શ્રીરામ તરત પોતાના આસન પરથી ઉઠી ગયા અને એ ટોળામાં જે સૌથી વધુ વૃધ્ધ સંન્યાસી હતો તેમની પાસે પહોંચી ગયા. તેમને પ્રણામ કર્યા. સંન્યાસીએ આશીર્વાદ આપતા હોય એ મુદ્રામાં પોતાનો હાથ ઉંચો ઉઠાવ્યો. શ્રીરામ તેમને પૂછ્યું-''મહારાજ આપ કઈ દિશામાં યાત્રા કરવા જઈ રહ્યા છો?''

સંન્યાસીએ બતાવ્યું કે તેઓ બધા જ બદ્રીનાથ તરફ જઈ રહ્યાં છે. થોડીવાર થોભી તે સંન્યાસી ફરી બોલ્યો-'તારે અમારી સાથે આવવું હોય તો ચાલ. એકલો હોય તેવું લાગી રહ્યું છે. સાથે સાથે ચાલવાથી વાટ સારી રીતે કપાઈ જશે. કંઈક ભજન ભક્તિ, જ્ઞાન, ધ્યાનની વાતો પણ થતી રહેશે.'

શ્રીરામને લાગ્યું કે એ સાધુ કંઈક વધુ પડતો બોલકણો છે. તેઓએ સાથે જવા માટે પૂછ્યું હતું. તેમની યાત્રાની જગ્યા પૂછી ન હતી. તેમનો ઉદ્દેશ તો માત્ર આગળની યાત્રા શરૂ કરવા માટે ક્યા કયા પ્રકારની તૈયારી હોવી

જોઈએ એ અંગે થોડી જાણકારી સમજવાનો હતો. તેમણે કહ્યું ના ના મારે બદ્રીનાથ જવું નથી.

તો ક્યાં જવું છે? સંન્યાસીઓ ચાલતા ચાલતા થંભી ગયા અને એક સંન્યાસી પૂછપરછ કરવા લાગ્યો, શું ઘરેથી ભાગીને આવ્યો તો નથીને? વૈરાગ્ય લેવો છે? અહીં તુ ક્યાં રહે છે? ક્યાંનો રહેવાસી છે....? મંડલેશ્વર જેવા દેખાતા એ સાધુએ એકી સાથે ઢગલાબંધ પ્રશ્નોની ઝડી વરસાવી. શ્રીરામ એકી સાથે આટલા બધા પૂછાયેલા પ્રશ્નોના કારણે જરા જવાબ આપતા અચકાયા. તેમને એવું લાગ્યું કે ન જાણે મેં કોને છંછેડી દીધો છે. તેઓ બોલ્યા ''ક્ષમા કરો મહારાજ મારાથી ભૂલ થઈ ગઈ. મેં આપનો સમય વિના કારણે જ નષ્ટ કર્યો છે.''

''બચ્ચા વ્યર્થ ગ્લાનિનો અનુભવ ન કર. તુ શું પૂછવા માંગે છે એ હું સારી રીતે જાણું છું.'' પેલા સંન્યાસીએ કહ્યું. શ્રીરામ કોઈ પણ પ્રકારનો જવાબ આપ્યા વગર એક જ ધ્યાનથી પેલા સાધુ તરફ નિહાળી રહ્યા. એ બોલ્યો''જેના આમંત્રણથી અહીં આવ્યો છે ને, એની ઉપર વિશ્વાસ રાખ, તેઓ જ તને જ્યાં પણ લઈ જવાના હશે ત્યાં તને આવી લઈ જશે. કોઈનો સંગાથ શોધ્યા વગર એકલા જવું જ શ્રેયસ્કર છે.''

સંન્યાસીએ આ બધી વાતો શું વિચારીને કરી હશે? શ્રીરામની સમજમાં કંઈપણ ન આવ્યું. તેમણે તેનો કહેવાનો અર્થ કાઢવા માટે કોઈ માથાકૂટ પણ ન કરી. સાધુ સાથે થયેલા વાર્તાલાપમાં એ વાત સ્પષ્ટ થઈ કે હવે આગળ જવાના રસ્તા અંગે ચિંતા કરવાની જરૂરિયાત નથી. ઠંડીથી બચાવ કરવા અંગે તથા ભવિષ્યમાં રસ્તામાં આવનારી અડચણો વિષે કંઈપણ વિચારવું વ્યર્થ છે. જે માર્ગદર્શક શક્તિએ તેમને હિમાલય આવવા આમંત્રણ આપ્યું છે, બોલાવ્યા છે, તેઓ જ હવે આગળની વ્યવસ્થા કરશે. એ લાગણીના પ્રવાહમાં વહેતા વહેતા થોડોક સામાન ઋષિકેશમાં જ છોડી દીધો. જે સામાન ત્યાં છોડી દીધો હતો તેમાં છત્રી, થોડા ઘણાં કપડાં અને એક કામળો હતા. પોતાના થેલામાં માત્ર એક જ કામળો રાખ્યો. એ સમયે માર્ગદર્શક શક્તિ સાથે થયેલ પ્રથમ સાક્ષાત્કારના સમયે જોયેલા દિગંબર સ્વરૂપનું સ્મરણ થઈ આવ્યું. વિચાર આવ્યો કે જો શ્વેત બરફ આચ્છાદિત વાતાવરણમાં જો કપડાં વગર રહી શકાતું હોય, તો ઠંડીથી બચાવ કરવા આ બધો ઠાઠમાઠ સાથે લઈ ચાલવાનું શું ઔચિત્ય?

શ્રીરામે ઋષિકેશની ધરતી અંધાર પછેડો ઓઢી લે તે પહેલાં રાત્રિ વિશ્રામ માટે સલામત જગ્યા શોધવા માટે ચારે તરફ દૃષ્ટિ દોડાવી. એવી જગ્યા મળી પણ ગઈ. તેમને ગંગા નદીના પૂર્વના તટ પર પહાડના ઢોળાવ પર ઉગેલા

ઘેઘુર પીપળાની ઓથ મળી ગઈ. તેના આશ્રય નીચે રાતવાસો કરવા દૃઢ નિશ્ચય કર્યો. થેલામાંથી શેતરંજી કાઢી જમીન પર પાથરી દીધી. ત્યાં નજીક પડેલા એક પથ્થરને ઉઠાવી લાવી તેને અડીને થેલો મુકી તેનું ઓશિકું બનાવી લીધું. પાસે રહેલાં કામળાને ઓઢી તરત પરમાત્માને પ્રાર્થના કરતા નિંદ્રાદેવીના ખોળામાં આવ્યા ગયા.

બીજા દિવસે વહેલી સવારે પ્હોં ફાટે તે પહેલાં નિંદ્રાનો ત્યાગ કરી શૌચાદિ ક્રિયા પતાવી ગંગાના શીતળ જળમાં ડુબકી લગાવી લીધી. ત્યારબાદ સંધ્યા પૂજન, ગાયત્રી મંત્રની નિયમિત માળાનો ક્રમ પતાવી આગળના પડાવ તરફ આગળ વધવા તૈયારીઓ શરૂ કરી દીધી. પોતાનો બધો જ સામાન એકઠો કરી થેલામાં ગોઠવી દીધો. એ સમયે તેમની દૃષ્ટિ થોડે દૂર ધુણો ધખાવી પડેલા પેલાં સાધુઓના ટોળા પર પડી. તેઓ પણ પોતાનો નિત્યનો ક્રમ પૂરો કરી આગળના પડાવ તરફ આગળ વધવા તૈયારી કરી ચુક્યા હતા. તેમની અંદરોઅંદરની વાતચીત ઉપરથી એવું લાગ્યું કે તેઓ બદ્રીનાથ તરફ જઈ રહ્યા છે, શ્રીરામે પણ તેમની તથા પોતાની વચ્ચે થોડું અંતર રાખી તેમના પગલે પગલે ચાલવાનું શરૂ કરી દીધું. શ્રીરામે હમણાં એ જ દિશા પકડી, કે જે દિશામાં સાધુઓ જઈ રહ્યા હતા. પરંતુ તેઓએ હજી સુધી નક્કી કર્યું ન હતું કે બદ્રીનાથ જવું છે, કે ક્યાં જવું છે. તેઓ અંતરમાં જાગતી સ્ફુરણાઓનું અનુસરણ કરતા કરતા એક એક ડગ આગળ ધપાવતા રહ્યા. જો કે રુદ્રપ્રયાગ, દેવપ્રયાગ, કર્ણપ્રયાગ, નંદપ્રયાગ અને વિષ્ણુપ્રયાગ થઈ બદ્રીનાથ સુધી પહોંચી શકાય એમ હતું. એ દિવસોમાં અવર જવર માટે સાધનોનો અભાવ હોવાથી હિમાલયના અંતરિયાળ વિસ્તારનો પ્રવાસ તો પગપાળા જ ખેડવો પડે તેમ હતું. જાણીતા રસ્તા પર ચાલવાથી ઋષિકેશથી બદ્રીનાથ સુધીનો રસ્તો લગભગ ત્રણસો કિલોમીટર જેટલો લાંબો થવા જાય છે. પરંતુ સાધુઓની પેલી મંડળીએ જે રસ્તા પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો એ મુશ્કેલથી સાતથી દસ માઈલ જેટલો લાંબો હતો. તદ્દન અજાણ્યો પહાડી રસ્તો વટાવતા બીજા દિવસની સાંજ સુધી તેઓ જોશીમઠ પહોંચી ગયા.

ભગવાન નરસિંહના દર્શન કરી મંદિરની સામે આવેલ ઓટલા જેવી જગ્યા પર રાતવાસો કરવા નક્કી કર્યું. અહ્રે દ્વારિકા માની ત્યાં જ પડાવ નાખી દીધો. બીજા દિવસે દૈનિક ક્રમ પતાવી આદિત્યનારાયણના દર્શન કર્યા પછી શ્રીરામ ભગવાન નરસિંહજી ના મંદિરે દર્શન કરવા ગયા. શાલીગ્રામ શિલામાંથી કંડારવામાં આવેલી આ ભવ્યમૂર્તિ અદ્‌ભુત અને સુંદર દેખાઈ રહી હતી. આ મૂર્તિની એક ભુજા ખૂબ જ પાતળી હતી. પ્રથમવાર જોતાં જ એમ લાગે કે જરા જેટલો સ્પર્શ કરવામાં આવશે અથવા દબાવવામાં આવશે તો એ ભુજા તૂટી

જશે, પરંતુ આ ભય સેવવો નિરાધાર હતો. આ મૂર્તિ અનેક સદીઓથી આ જ સ્થિતિમાં છે. લોકોની માન્યતા, વિશ્વાસ તથા કિંવદંતિ કંઈક એવી છે કે જે દિવસે આ ભુજા મૂર્તિથી અલગ થઈ જશે, એ દિવસે નર અને નારાયણ પર્વત પરસ્પર મળી જશે. આ બન્ને પર્વત જોશી મઠથી થોડા અંતરે આગળ આવેલા છે. એ બન્ને પર્વતોને કોતરીને કાઢવામાં આવેલો રસ્તો આગળ બદ્રીનાથ સુધી જાય છે. લોકોનું એવું માનવું છે કે નર-નારાયણ પર્વતો પરસ્પર મળી જતા બદ્રીનાથ જવું અસંભવ બની જશે. પછી ભવિષ્યમાં બદ્રીનાથના પૂજાપાઠ બદ્રીમાં જ રાખવામાં આવશે અને એ દિવસે કળયુગનો અંત આવી જશે. અથવા આ પૃથ્વીનો પ્રલય થઈ જશે.

મંદિરના આંગણામાં ચાલતી આ ચર્ચા શ્રીરામે સાંભળી તો ખરી પરંતુ એ તરફ વધુ ધ્યાન આપ્યું નહીં. તેઓ નરસિંહ ભગવાનના દર્શન કરી સીધા જ જોશીમઠ આવી ગયા. આ મઠની સ્થાપના આદ્ય શંકરાચાર્યે કરી હતી. અહીં તેમણે ત્રોટકાચાર્યની પોતાના પ્રતિનિધિ રૂપે નિમણૂંક કરી. જોશીમઠની પ્રતિષ્ઠા પણ આ મઠના કારણે જ છે. શંકરાચાર્યે જ શિયાળાની ઋતુમાં પણ બદ્રીનાથની પૂજા આરતીનું પ્રચલન પણ શરૂ કરાવ્યું હતું. એવા પણ પુરાવાઓએ મળી આવે છે કે બદ્રીનાથના મંદિરનો હિમાલયની કંદરાઓ પાર કરી આવેલા વિદેશી આક્રમણખોરોએ નાશ કરી નાખ્યો અને ત્યાંની મૂર્તિ પણ ખંડિત કરી કુંડમાં ફેંકી દીધી હતી. આદ્ય શંકરાચાર્યે જ બદ્રીનાથની પુર્નપ્રતિષ્ઠા કરાવી હતી. આ જ વિભૂતિએ જોશીમઠમાં શાંકરમઠની સ્થાપના કરી હતી. આપણે સૌ જાણીએ છીએ, કે તેઓએ દેશના ચાર જૂદા જૂદા ખૂણામાં ચાર મઠની સ્થાપના કરી હતી.

## શાંકર મઠનો વિવાદ

જ્યોતિર્મઠમાં શંકરાચાર્ય તેમના શિષ્ય તથા આ મઠના પ્રથમ આચાર્ય ત્રોટકની મૂર્તિઓ આવેલી છે. એ દિવસોમાં મંદિરમાં કોઈ પીઠાધીશ ન હતો. આ મઠમાં દક્ષિણ ભારતમાંથી નિમણૂક કરવામાં આવેલ પૂજારી રાવલ જ પૂજાપાઠ, આરતી કરતા હતા. લગભગ દોઢસો વર્ષથી ત્યાં આચાર્યપ્રથા છિન્નભિન્ન થઈ ગઈ હતી. જે વિભૂતિને શંકરના અવતાર કહેવામાં આવતા હતા એ મહાપુરુષે આ મઠની સ્થાપના કરી હતી, એમના જ દ્વારા આરંભ કરવામાં આવેલ પરંપરાની દુર્ગતિ અંગે સાંભળવા મળ્યું ત્યારે શ્રીરામનું હૃદય અકથ્ય વેદનાથી દુઃખી દુઃખી થઈ ગયું. આ સમાચારો ત્યાંના રાવલ પુરોહિતો પાસેથી સાંભળવા મળ્યા. આ સમાચારો સાંભળી શ્રીરામ મોડે સુધી શંકરાચાર્યની મૂર્તિ સમક્ષ બેસી રહ્યા હતા. ત્યાં ઉઠીને મઠમાં સ્થાપવામાં આવેલા સ્ફટિકના

શિવલિંગ પાસે આવ્યા. ત્યાં અભિષેક કર્યો. શાંકર ગુફામાં સ્થાપવામાં આવેલ શિવલિંગ અંગે કહેવાય છે કે એને કૈલાશથી અહીં લાવવામાં આવ્યું હતું. સ્વયં આદ્ય શંકરાચાર્યે તેની સ્થાપના કરી હતી. આ ઉલ્લેખોને ધ્યાનથી સાંભળ્યા પછી શ્રીરામ કોઈ ઉંડા વિચારમંથનમાં પડી ગયા. થોડા ડગ આગળ માંડ્યા પછી તેઓ ગુસ્સે થયેલા જણાયા. સંભવ છે ત્યાં સુધી મનમાં ઉદ્ભવેલા ઉતાર ચઢાવે તેમને ખિન્ન કર્યા હોય. લાગણીઓ અને વિચારોમાં ઉદ્ભવેલો એ ગુસ્સો આપણી સંસ્કૃતિ અને પ્રાચીન ગૌરવ ખંડિત થઈ જવાથી આવી રહ્યો હોય.

શ્રીરામ મંદિરમાં દર્શન કરી બહાર આવ્યા અને થોડે દૂર આવેલા વૃક્ષની છાયામાં આવીને બેઠા. તેઓ વિચારવા લાગ્યા કે હવે કઈ દિશામાં જવું? આ આંતરમંથન ચાલવાની સાથે સાથે મનમાં બદ્રીનાથના હણાયેલા ગૌરવ અને નરનારાયણ પર્વતો મળી ગયા પછી થનારા વિનાશની કિંવદંતિ પર અનેક પ્રશ્નો પેદા થઈ રહ્યા હતા. દસ પંદર મિનિટ સુધી પોતાના અંતઃકરણના ઉંડાણમાં ડુબકી લગાવ્યા પછી ન જાણે ક્યારે આંખ મીંચાઈ ગઈ, એનો કોઈ ખ્યાલ ન રહ્યો. વૃક્ષને અઢેલી બેસતાં જ ઉંઘ આવી ગઈ. પહાડી રસ્તાની મુસાફરીએ તેમને ખૂબ જ થકવી દીધા હતા. ખાડા ખૈયાંવાળો રસ્તો ખૂંદતા ખૂંદતા આવવાના કારણે જ તેમને થાક લાગી ગયો હતો, જેથી શરીર પર ખૂબ જ દબાણ આવી ગયું. જો કે રાત્રિના સમયે સારી એવી ઉંઘ આવી હતી, પરંતુ કદાચ થાક ઉતારવો હજી બાકી હતો. અડધા કલાક પછી આંખો ખુલી ગઈ. જ્યોતિષ્પીઠની બિલકુલ સામે કલકલ નાદ કરતું એક ઝરણું વહી રહ્યું હતું. એને દંડધારા કહે છે. શ્રીરામે ત્યાં પહોંચી ઝરણાના શીતળ નિર્મળ નીરમાં હાથ, પગ, મોઢું ધોયું અને આચમન કર્યું.

આચમન કર્યા પછી ક્ષણભર માટે મનમાં એ પ્રશ્ન ઉદ્ભવ્યો કે હવે કઈ દિશા પકડવી છે? પ્રશ્ન ઉદ્ભવતા તત્ક્ષણે એનું માર્ગદર્શન પણ મળ્યું કે હવે ભવિષ્ય બદ્રીનાથ થઈ માનસરોવર તરફ આગળ વધવું જોઈએ. આ માર્ગદર્શન પણ પોતાની અંદર જ જાગૃત થતી આંતરિક સ્ફુરણાની જેમ જ ઉત્પન્ન થયેલું હતું. જેને એક પ્રકારે માર્ગદર્શક સૂક્ષ્મ આત્મા દ્વારા મોકલવામાં આવેલ નિર્દેશ પણ માની શકાય. પોતાનો મુકામ અને માર્ગ સ્પષ્ટ થતાં જ શ્રીરામ નીતિખીણ તરફ જવા ચાલી નિકળ્યા. લગભગ પાંચ છ ગાઉ જેટલો પહાડી રસ્તો વટાવ્યા પછી તેઓ ભવિષ્ય બદ્રી આવી પહોંચ્યા. અહીં ચારે તરફ સન્નાટો છવાયેલો હતો. માત્ર આસપાસમાં રખડતી એકલ દોકલ વ્યક્તિ જ નજરે પડતી. અહીં આવેલ વિષ્ણુ મંદિરના દ્વાર હજી સુધી ખોલવામાં આવ્યા ન હતા. જોકે તેનો પૂજારી મંદિરની પાસે જ રહેતો હતો. પરંતુ અહીં લોકોની અવરજવર ન

હોવાને કારણે હજી સુધી પૂજાપાઠ આરતીનો ક્રમ નિયમિત બની શક્યો ન હતો. આજે તો પૂજાપાઠ સાધના ઉપાસના કરવા માટે મંદિરો ક્યાં હોય છે? તેમને માટે તો દર્શનાર્થીઓની જ વિશાળ ભીડ ઉમટવી અને આવક થવી એજ એનું મુખ્ય લક્ષ્ય હોય છે. એના આધારે જ પૂજારીઓનું જીવન ચાલતું હોય છે. મથુરા વૃંદાવન અને ઋષિકેશમાં શ્રીરામે આ સત્યનો સારી રીતે અનુભવ કરી લીધો હતો. મંદિરના બારણા બંધ જોઈ તેમને તેમાં કોઈ આશ્ચર્ય ન થયું.

મંદિરની પાસે જ પીપળાનું વિશાળ વૃક્ષ આવેલું હતું. તેની નીચે રાખવામાં આવેલ એક શિલા નજરે પડી. આ શિલા પર કોઈ એક સમયે ચઢાવેલા ફૂલો અને પૂજન સામગ્રી પડેલ હતા. સાથે સાથે પીપળાના સુક્કા પાંદડા, તણખલાં અને હવા સાથે ઉડીને આવેલ ધૂળના રજકણોથી આ શિલા ઢંકાયેલી હતી. જાણે પાછલા ચાર પાંચ દિવસથી તેને કોઈએ સાફ જ કરી ન હતી. શ્રીરામને પોતાના મનમાં એવું લાગ્યું કે આ કોઈ સામાન્ય શિલા નથી. એની ઉપર ચઢાવવામાં આવેલ પૂજન સામગ્રી સ્પષ્ટ દેખાઈ રહી હતી. એનો અર્થ એ થયો કે આ કોઈ દેવતાની મૂર્તિ છે. શ્રીરામે જાતે જ શિલા પર પડેલો બધો જ કચરો દૂર કરી એને પાણીથી ધોઈ નાખી. ત્યારબાદ તેઓએ એની ઉપર ધ્યાનપૂર્વક દૃષ્ટિ કરી. ત્યારે એમને સ્પષ્ટ થયું કે આ કોઈ દેવતાની જ મૂર્તિ છે. એ મૂર્તિ તો હતી જ, પરંતુ તેને અધુરી બનાવી છોડી દેવામાં આવી હતી. ભલે તે કોઈ પણ દેવતાની હોય. તેના ઘડનો ઉપરનો ભાગ ઓળખી શકાતો હતો. પરંતુ એ ખૂબ સ્પષ્ટ નહીં. ઘણા બધા પ્રયત્નો કર્યા પછી અનુમાન લગાવી શકાયું કે એ ભગવાન વિષ્ણુની મૂર્તિ હોવી જોઈએ.

શ્રીરામ જરા મુંઝાયા કે ભગવાન વિષ્ણુનું મંદિર પાસે જ હોવા છતાં આ મૂર્તિ ત્યાં ગર્ભગૃહમાં ન રાખવાના બદલે અહીં બહાર શા માટે રાખવામાં આવી છે? કોઈ કારણ ન સમજમાં આવતા તેમને એ સવાલનો જવાબ મેળવવાનું જ છોડી દીધું. પછી એક વૃક્ષ પાસે આવીને બેસી ગયા. તેઓ એ જોવા ઈચ્છતા હતા કે ભવિષ્ય બદ્રીનાથ કેવા છે? એટલા માટે તેઓ પુજારીની આવવાની રાહ જોઈ રહ્યા હતા. મધ્યાહ્ન પછી સૂરજ ધીરે ધીરે પશ્ચિમ દિશામાં સરકવા લાગ્યો. એ સમયે મંદિરનો પુજારી સામેથી આવતો દેખાયો. એણે મંદિરનો દરવાજો ખોલ્યો. પરંતુ એ પહેલાં તેણે દરવાજા પર ચઢાવવામાં આવેલ ચીજવસ્તુઓ એકત્ર કરી લીધી. એ બડબડવા લાગ્યો, કદાચ એ વસ્તુ ઓછી ચઢાવેલી જોઈ બડબડાટ કરતો હશે, એ ત્યાં ઉભો ઉભો દર્શનાર્થે આવતા યાત્રાળુઓ માટે કંઈક ઉચ્ચારી રહ્યો હતો અથવા એમ પણ કહી શકાય કે તે યાત્રાળુઓના સંબંધમાં હૈયા વરાળ ઠાલવી રહ્યો હતો.

મંદિરના દ્વાર ખુલતા જ શ્રીરામ ભગવાનના દર્શન કરવા આગળ વધ્યા. સામાન્ય રીતે અહીં લોકોને દર્શન માટે વિષ્ણુ મંદિરના ગર્ભગૃહની અંદર જવા દેવામાં આવતા નથી. શ્રીરામે બહાર ઉભા રહીને બન્ને હાથ જોડ્યા. પુજારીએ પૂછ્યું-''શું અંદર આવવું છે?'' નજીક આવી દર્શન કરવા ઇચ્છતા હોય, તો કરી શકો છો. સવા રૂપિયો આપવો પડશે. આ શબ્દો સાંભળી શ્રીરામ ત્યાં જ સ્તબ્ધ થઈ ગયા. તેઓ એક ક્ષણ સુધી તો પેલા પુજારીના મોંઢા સામે જ તાકી રહ્યા. પુજારી પણ શ્રીરામની ભોળવાઈ જવાની લાલચમાં તેમની સામે તાકી રહ્યો હતો. પરંતુ એવું કંઈપણ ન બન્યું. શ્રીરામ મનોમન વિચારવા લાગ્યા કે આ ઘનઘોર જંગલ વચ્ચે પણ ભગવાનના દર્શન કરવા શું લાંચ આપવાની? દુર્ભાગ્ય તો જૂઓ એ બિચારાની આ જ વૃત્તિ આવકનું સાધન બની ગઈ હતી. તેઓ થોડી ક્ષણ ચુપ રહ્યા. પુજારીએ તેમને ફરી ટોક્યા, ''વિચારી લો. કોઈ અહીં છે નહીં એટલા માટે જ તમને આ મોકો આપી રહ્યો છું, નહીં તો વિષ્ણુના મંદિરમાં કોઈને પણ આવવા દેવામાં આવતા નથી.'' શ્રીરામે પુજારીની દક્ષિણા રૂપી લાંચના આગ્રહ બાદ બોલ્યા-''ના મહારાજ? હું કોઈ મર્યાદાઓનું ઉલ્લંઘન કરતો નથી. હું અહીંથી દર્શન કરી રહ્યો છું એ જ બરાબર છે.''

પુજારી વળી પાછો બડબડવા લાગ્યો. શ્રીરામને એ તો પૂરેપૂરું ન સંભળાયું કે એ શું કહી રહ્યો છે, પરંતુ એ શ્રીરામને તેનો કહેવાનો અર્થ જરૂર સમજમાં આવી ગયો. તેઓ બોલ્યા- ''મહારાજ! હેરાન પરેશાન ન થાવ. હું આપની અભીષ્ટ દક્ષિણા તો જરૂર ચઢાવીશ.'' એટલું કહી તેમણે થેલામાંથી સવા રૂપિયો બહાર કાઢ્યો અને જઈ ગર્ભગૃહના ઓટલા પર રાખી દીધો.

''કોઈ કુળવાન કુટુંબના લાગો છો, પુજારીએ થોડો વિવેક દર્શાવતાં આંતરિક ખુશી વ્યક્ત કરી. હૃદયને થોડું ખોલવાની દૃષ્ટિએ પૂછ્યું-એકલા જ આવ્યા છો કે શું? આ નાનકડી ઉંમરમાં જ તીર્થયાત્રા કરવાનું ક્યાંથી સુજી આવ્યું. શું કોઈ સાધુ સંન્યાસી થવાનું મન તો નથીને? અહીં કોઈ બાવા-જોગીને પોતાનો ગુરુ ન બનાવતા. મોટા ભાગના લોકો કપટી, ઠગ મુનિ મહારાજ છે.''

પુજારીએ એક જ શ્વાસે અનેક સવાલો પૂછી નાખ્યા અને વણમાંગી સલાહ પણ આપી દીધી. એ સવા રૂપિયો મળવાના આનંદમાં આત્મીયતા દર્શાવી રહ્યો હતો. જે કોઈ કારણે તે પોતાનું હૃદય ખોલી રહ્યો હોય, પરંતુ શ્રીરામે તો તેનો આદર જ કર્યો અને પૂછવા લાગ્યા કે-''બહાર જે મૂર્તિ આવેલી છે, એ કોની છે?''

''એ મૂર્તિ અધૂરી છે. તેને કોઈએ પણ ઘડી નથી, સમય પોતાની રીતે તેનું ઘડતર કરી રહ્યો છે. જ્યારે તે પૂરી થશે ત્યારે ભગવાન બદ્રીવિશાળ અહીં જ પૂજવામાં આવશે.'' પુજારીએ પોતાનું કહેવાનું ચાલુ રાખ્યું અને કહ્યું કે સામે દેખાતા 'નર અને નારાયણ' બન્ને પર્વતો પરસ્પર મળી જશે. અત્યારે તો લાતા દેવીના મંદિર પર દર ચોવીસ વર્ષ બાદ મેળો ભરાય છે. પરંતુ જ્યારે બદ્રીવિશાળ અહીં પ્રગટ થશે ત્યારે દર વર્ષે મેળો ભરાશે.''

આટલી માહિતી આપતા આપતા પુજારી અચાનક થોડો ગંભીર બની ગયો અને બોલ્યો:-''ત્યારે મારે કોઈને ગર્ભગૃહની અંદર બોલાવવાનું પાપ નહીં કરવું પડે.'' મેળામાં જ ઘણા બધા લોકો આવશે, બદ્રીનાથના દર્શનાર્થીઓ પણ આવશે. તેમના દ્વારા ભેટ આપવામાં આવેલ પૈસાથી હું માલામાલ બની જઈશ. પુજારી બોલતો જઈ રહ્યો હતો અને શ્રીરામ તેમની આ વાતો એક પ્રકારે રમૂજ સમજી સાંભળી રહ્યા હતા. થોડી ક્ષણો પહેલાં સવા રૂપિયો માંગવાથી ન મળતા જે ગુસ્સો આવી રહ્યો હતો, તે દયામાં પરિવર્તન પામી ગયો હતો. અમો ગરીબાઈ વેઠી રહ્યા છીએ, એટલા માટે લોકો પાસે એવી આશા સેવતા હોઈએ છીએ. પુજારી બોલતો જ ગયો. પછી તે નિરાશ થતો હોય એ રીતે બોલ્યો કે એ દિવસ જોવા માટે હું ક્યાંથી જીવતો રહેવાનો છું. મને ખબર નથી કે આ નર-નારાયણ પર્વતો ક્યારે મળશે અને ન જાણે ક્યારે બદ્રીવિશાળ અહીં પધારશે. કોઈ વાત નહીં, આવનારી પેઢીઓ આ સુખ જોશે.

પુજારી સવારૂપિયાની દક્ષિણામાં મગ્ન બની નાચી રહ્યો હતો. એને પોતાની રીતે આનંદ વ્યક્ત કરતો છોડી દઈ શ્રીરામ મંદિરની બહાર આવી ગયા અને નીતિ ખીણ પસાર કરી તેઓ કોઈ અજાણ્યા સ્થળ તરફ આગળ વધવા લાગ્યા કે જે તેમનો ભાવી મુકામ હતો, જેને માટે અંદર પ્રેરણાનો મહાસાગર ઘુઘવી રહ્યો હતો. એ મુકામ અંગે તેમને કોઈ જાણ ન હતી કે તે ક્યાં છે? પરંતુ તે લોહચુંબકની જેમ આકર્ષી રહ્યો હતો. જે રસ્તે તેઓ પહાડ ચઢી રહ્યા હતા તે ચઢાણ ખૂબ જ કપરું હતું. એકદમ સાંકળી પગદંડી પર ઉગી નિકળેલ કાંટાળા ઝાડી ઝાંખર અને મોટા મોટા કાંકરાઓ પગને લોહીલુહાણ કરી દેવા માટે પર્યાપ્ત હતા. તેની ઉપર થોડે દૂર સુધી ચાલતાં થાકનો અનુભવ થઈ રહ્યો હતો. જોશીમઠ પહોંચ્યા પછી ત્યાં આવેલ દંડધારામાં સ્નાન કર્યા બાદ શ્રીરામ પર થાકે ફરી વાર હુમલો ન કર્યો. તેઓ બન્ને ખભા પર મોટા મોટા બે થેલા લટકાવી તથા હાથમાં લાઠી અને પગમાં કપડાંના બુટ પહેરી સામાન્ય ઝડપે ચઢાણ ચડવા લાગ્યા.

લગભગ પંદર વીસ ગાઉની વાટ કાપ્યા પછી શ્રીરામ એક સરોવરના કિનારે આવી થંભી ગયા. આ સરોવર ચારે દિશામાં પર્વતોથી ઘેરાયેલું હતું. તેના બિલોરી કાચ જેવા પારદર્શક પાણીમાં પ્રતિબિંબિત થતા શૈલશૃંગો મનને તાજગીથી ભરી દેતા હતા. દૂર ક્ષિતિજ સુધી પથરાયેલી ચીડ, દેવદાર, પાઈન વૃક્ષોની હારમાળા નયનરમ્ય લાગતી હતી. સરોવરના કિનારે કિનારે ઠેરઠેર શૈલખંડોમાંથી તૈયાર કરવામાં આવેલ આસન આકારની શિલાઓ જોઈ એવું લાગી રહ્યું હતું કે પ્રાચીન સમયમાં લોકો તેનો ઉપયોગ બેસવા માટે યા ચારે તરફ વેરાયેલા નૈસર્ગિક સૌંદર્યનો આનંદ લૂંટવા માટે યા ધ્યાન કરવા માટે કરતા હશે. શ્રીરામે આવી એક પથ્થરની શિલા પર બેસી સરોવરના શાંત પાણીમાં દૃષ્ટિ ફેંકી. પાણી એટલું બધુ સ્વચ્છ હતું કે હજી હમણાં જ બરફ પિગળીને અહીં આવી એકઠો થઈ ગયો હશે. તેમાં નિરભ્ર આકાશ, શૈલશિખરો અને તેને નિહાળનારાનાં પ્રતિબિંબ સહિત પાણીના ઉંડાણ સિવાય કંઈપણ દેખાતું ન હતું.

તેઓ જયાં બેઠા હતા ત્યાંથી ચારે દિશામાં નજર દોડાવી પર્વતમાળાની ગણતરી કરી. કુલ્લે સાત પહાડો આ સરોવરને ઘેરી ઉભા હતા. તેને જોઈ શ્રીરામ પથ્થરની બેઠકોની ગણતરી કરવા લાગ્યા. તેઓ જ્યાં બેઠા હતા ત્યાંથી ગણતરી કરી, ત્યાર ખબર પડી કે ચોવીસ આસન બનેલા છે. મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે શું કોઈ એક સમયે આ સ્થળ તપસ્વીઓની તપોભૂમિ રહ્યું હશે? આમ પણ હિમાલય તો ઋષિમુનિઓનું વિરાટ નિવાસ સ્થાન છે. તો કોઈ એક સમયે શા માટે? આજે પણ અહીં ઋષિમુનિઓનું આવાગમન ચાલુ જ રહેતું હશે.

સાત પહાડો દ્વારા એ સરોવર અંગે તપાસ કરતા બાદમાં જાણ થઈ કે અહીં ખાલસા પંથના સ્થાપક ગુરુગોવિંદસિંહે પોતાના પૂર્વ જન્મમાં અહીં તપ કર્યુ હતું. ત્યારે એમનું નામ મેધસ મુનિ હતું. આ વાતની જાણ થયા પછી ૧૯૩૬માં ત્યાં શિખ લોકોના તીર્થ સ્થળોની સ્થાપના થઈ. હવે એ જ સ્થળ હેમકુંડ સાહેબના નામે વિખ્યાત છે. અહીં ગુરુદ્વારા પણ બનાવવામાં આવેલ છે અને આવવા-જવા, ઉતરવા માટે ઉત્તમ વ્યવસ્થા બનાવી દેવામાં આવી છે. શ્રીરામે આ સ્થળે લાંબા સમય સુધી એકાગ્ર બની બેસી રહ્યા. એમના બેસવાથી એવું લાગી રહ્યું હતું કે જાણે તેઓ કોઈની પ્રતીક્ષા કરી રહ્યા હોય! સરોવરના કિનારે બેઠા બેઠા જ તેમને પ્રતીત થયું કે કોઈ તેમની સાથે વાર્તાલાપ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. અસ્પષ્ટ અવાજ તેમને સંભળાઈ રહ્યો હતો. આસપાસ જોયું, તો કોઈ ન હતું. છતાં પણ અવાજ તો આવતો જ રહ્યો.

મન ખૂબ જ શાંત, સ્થિતપ્રજ્ઞ, તદ્દન નિશ્ચલ કર્યા પછી આવતો અવાજ વધુ સ્પષ્ટ થયો. આ અવાજ એટલો બધો ક્ષીણ આવી રહ્યો હતો કે જાણે વર્ષો સુધી મૌન રહેતાં કંઠમાંથી સરતો ન હોય. આવા કંઠમાંથી આવતો અવાજ તુટક તુટક હોય છે. આવતા અવાજની દિશાનું અનુમાન લગાવ્યું. પાંચેક આસન દૂર એક શ્યામ વર્ણી આકૃતિ દેખાઈ. પ્રથમ તો ધુંધળી પછી સ્પષ્ટ થઈ. એ શ્રીરામને ઉદ્દેશી પોતાની પાસે બોલાવી રહી હતી. શ્રીરામ જે પથ્થરની શિલા પર બેઠેલા હતા ત્યાંથી ઉઠી એ આકૃતિની પાસે ગયા, તો એ આકૃતિના મુખારવિંદમાંથી અવાજ આવ્યો, મને તમે કોઈ પણ નામથી બોલાવી શકો છો. મારું કોઈ નામ નથી. મને માત્ર એ કહેવાનો નિર્દેશ મળ્યો છે કે તમે ગૌમુખ સુધી પહોંચી જાવ. ગૌમુખથી આગળ નંદનવન આવે છે, ત્યાં તમારી પ્રતીક્ષા કરવામાં આવી રહી છે.

એ આકૃતિએ જે કંઈ શબ્દો ઉચ્ચાર્યા, તેનો શ્રીરામે મનમાં જેમનો તેમ સ્વીકાર કરી લીધો. માત્ર એટલું જ બોલ્યા-''મને માર્ગની ખબર નથી.'' આકૃતિએ કહ્યું, જવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. અહીંથી જોશીમઠ પાછા જાવ. ચમોલી, ગોપેશ્વર, ગુપ્તકાશી વગેરે સ્થળો પર જવાની કોઈ જરૂરિયાત નથી. એ રસ્તો ખૂબ જ લાંબો નિવડશે. જોશીમઠ પહોંચ્યા પછી તમને કેટલાક લોકો મળશે, તેમનો સંગાથ કરી લેજો. ટૂંકા રસ્તે ચાલતા કાલે સાંજ સુધી તમો ગંગોત્રી પહોંચી જશો. શ્રીરામે આ આદેશને પણ માર્ગદર્શક આત્માનો કોઈ પ્રતિનિધિનો હોવાનો સંકેત માન્યો અને માની લેવાના અર્થમાં માથું હલાવ્યું. એ આકૃતિ આગળ બોલી, ''હવે ક્યાંય રોકાવાની કે અટકવાની જરૂરિયાત નથી. સીધા જ ગૌમુખ પહોંચીને જ શ્વાસ લેવાનો છે, એવું સમજો.''

શ્રીરામે હા જી કહ્યું અને પેલી આકૃતિને પ્રણામ કરવા માથું ઝુકાવ્યું. એમના પ્રણામ તરફ ધ્યાન આપ્યા વગર પેલી આકૃતિ સરોવરમાં ઉતરી ચુકી હતી અને ખૂબ જ અગાધ જળમાં જઈ અર્ધ્ય આપવા લાગી. શ્રીરામે સરોવરના શાંત ઠંડા નિતર્યા જળમાં સ્નાન કર્યું અને થોડી ક્ષણો સુધી જપ કર્યા પછી ધ્યાન લગાવ્યું. પેલી આકૃતિએ અત્યાર સુધી નિઃસ્પૃહતા જ દર્શાવી હતી. ઘુંટણ સુધી પાણીમાં ઉતર્યા બાદ તેણે પાછું વળીને પણ જોયું ન હતું. સાધના પથના પથિકોએ એવું જ નિઃસ્પૃહ હોવું જોઈએ. શ્રીરામ પણ પોતાની સાધના કરવામાં લીન બની ગયા. એ આકૃતિથી અળગા થયા યા ક્ષણભર પહેલાં થયેલી મુલાકાતને ભુલાવી દેવા તેમને કંઈપણ ન કરવું પડ્યું. પાણીમાં દોરેલી લીટીની જેમ એ સંસ્મરણ આપોઆપ ભુલાઈ ગયું. સરોવરના કિનારે થોડીવાર બેસી રહ્યા પછી શ્રીરામ જોશીમઠ તરફ જવા ચાલી નિકળ્યા.

## ગૌમુખ તરફ આગેકૂચ

જોશીમઠ પાછા ફરવામાં જેટલો સમય લાગ્યો, એ એક પ્રકારે થોડો અનુભવ હતો. કદાચ એટલા માટે કે આ વળતો પ્રવાસ પાછા ફરવા માટેનો હતો. રસ્તો તો એકવાર જોઈ લીધો હતો, એટલે તેમને કોઈપ્રકારે કૌતુહલ કે રોમાંચનો અનુભવ થઈ રહ્યો ન હતો. ત્યાર પછી સમય તો વાયુવેગે દોડવા લાગ્યો અને તેઓ જોશીમઠ પહોંચી ગયા. ત્યાં તેમને શંકર ગુફા પાસે બે વૃધ્ધ સંન્યાસીઓ મળ્યા. બન્નેની ઉંમર વચ્ચે દસ પંદર વર્ષનું અંતર હતું. લગભગ સાઠ વર્ષની ઉંમર ધરાવતા સ્વામી નિર્મળાનંદ અને તેમનાથી ઓછી ઉંમર ધરાવતા સ્વામી ગંભીરાનંદ. બન્ને ગુરુ શિષ્ય હતા. તુરંત જ એમની સાથે સહજતાથી પરિચય થઈ ગયો. સંગાથ બનવામાં કોઈ વાર ન લાગી. લગભગ દસ મિનિટ સુધી ગૌમુખ સુધી સાથે ચાલવાની વાત નક્કી થઈ ગઈ. નિર્ણય એ રીતે લેવાયો કે જાણે એ બધુ પહેલાંથી જ નક્કી હતું.

જે ઋતુમાં આ પ્રવાસ ખેડવામાં આવી રહ્યો હતો, એ ઋતુમાં વાતાવરણ ઠંડુ જ રહે છે. વાતાવરણ કરતાં રસ્તામાં આવતી મુશ્કેલીઓ વિકટ હતી. ભવિષ્ય બદ્રીથી આગળ આવતા સરોવરના કિનારે જે તપસ્વીએ ગૌમુખ પહોંચવાનો નિર્દેશ કર્યો હતો, તેમની વાતો કાનમાં ગુંજી રહી હતી. એ તપસ્વીને નિહાળી શ્રીરામના મનમાં એવી આશા પણ જાગી હતી કે હવે રસ્તામાં સિધ્ધ આત્માઓની મુલાકાત થશે. સંન્યાસીઓ સાથે પહાડો ઓળંગતા, વચ્ચે આવતા ગામડાંઓમાંથી પસાર થતા, જે રસ્તા પર ચાલી રહ્યા હતા, એ રસ્તા પર ઠેરઠેર ગુફાઓ આવેલી હતી. ત્યારે એવું લાગી રહ્યું હતું કે હમણાં જ એ ગુફામાંથી કોઈ સિધ્ધ આત્મા બહાર નિકળી આવશે. એ ગુફા જ્યારે પાછળ રહી જતી ત્યારે તેમને થોડી નિરાશા થતી. વળી પાછા તેઓ આગળ વધતા અને આગળ બીજી કોઈ ગુફા આવે તેની રાહ જોવા લાગતા, પરંતુ આગલી ગુફા આવ્યા પછી એ જ નિરાશા સાંપડતી.

એક એવી સ્થિતિ આવી કે ત્યારપછી સિધ્ધ આત્માઓ મળી આવવાની આશા છોડી દીધી. બન્ને સંન્યાસીઓ સાથે વાતચીત કરતાં કરતાં ખૂબ જ સરળતાથી રસ્તો કપાઈ ગયો. વચ્ચે વચ્ચે આવતા વિસામાની આસપાસમાં નાની મોટી દુકાનો મળી આવતી. ત્રણે જણાં ત્યાં બેસી વિશ્રામ કરી લેતા અને ત્યારબાદ આગળ વધતા. દુકાનની બહાર ઓટલા પર બેઠેલા પહાડી લોકો સાથે થોડીવાર ગપ્પા મારવામાં આવતા. તેઓ પોતાની પાસે લોટ, દાળ, ચોખા, જેવી રાંધવા ખાવાની ઉપયોગી વસ્તુઓ સાથે ચણા, ગોળ, સત્તુ, બટાટા, માચિસ વગેરે સામાન પણ રાખતા હતા. યાત્રાળુ સહિત આસપાસમાં વસતા

લોકો તેમની પાસેથી તેમની જરૂરિયાત અનુસાર સામાન ખરીદતા. ત્યાં જ દુકાનમાં રસોઈ બનાવવાની અને જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી. એ લોકો પાસેથી સામાન ખરીદવાથી કોઈ પણ પ્રકારનું ભાડું કે ખર્ચ લીધા વગર રાંધવા માટે અને જમવા માટે જરૂરી વાસણો આપવામાં આવતા હતા.

આ વિસામાઓ સાથે વધુ લેવડદેવડ ન થઈ. રસ્તામાં ક્યાંક આડાઅવળા વસેલાં ગામડાંઓ આવ્યા. ત્યાં લોકોની વસ્તી ખૂબ જ ઓછી હતી, તેમાં સ્ત્રીઓની ટકાવારી વધુ હતી. પુરુષવર્ગ નોકરી ધંધા માટે નીચે તળેટીઓમાં ચાલ્યો ગયો હતો. જો કે સાથ તો હતો, છતાં પણ સુમસામ રસ્તાના કારણે તે ભયંકર લાગતો હતો. જ્યાં જુઓ ત્યાં જંગલી જાનવરો અને હિંસક પ્રાણીઓ નજરે પડતા. વીસ બાવીસ કલાક ખેડેલા પ્રવાસ દરમ્યાન રસ્તામાં અનેકવાર વાઘ, દીપડા, ચિત્તા અને રીંછનો ભેટો થયો. કેટલાક ઠેકાણે નાના નાના કદના વાઘ પણ જોવા મળ્યા. પરંતુ આજે આ વિસ્તારમાંથી આ પ્રકારના વાઘની જાતિ લુપ્ત પ્રાપ્ત થઈ ગઈ છે. જંગલી પ્રાણીઓના ચામડાંનો વ્યાપાર કરનારા લોકોએ તેનો તો સદંતર નાશ જ કરી નાખ્યો છે. પરંતુ ૧૯૨૬-૨૭ના અરસામાં અહીં આ જાતિના વાઘની વસ્તી બહોળા પ્રમાણમાં હતી.

પહાડોના ઢોળાવ પર નિરાંતે તૃણ ચરતા શિંકારા, સાબર, કાંચન, કસ્તુરી મૃગલાઓના ઝુંડ પણ જોવા મળ્યા. તેમની ક્રીડાના દૃશ્યો મન મોહી લેતા હતા. એપ્રિલ માસના ઉત્તરાર્ધમાં જ આ ઠંડા પ્રદેશમાં ઋતુરાજ વસંતનું આગમન થાય છે અને તેના પગલે પગલે ગ્રીષ્મ દોડી આવે છે. આહારની શોધમાં અહીંથી પોતાના બાળબચ્ચા સાથે ઉષ્ણકટિબંધના હુંફાળા પ્રદેશોમાં સ્થળાંતર કરી ચાલ્યા ગયેલ પક્ષીવૃંદો પોતાના માદરે વતન પાછા ફરતાં હિમાલયની તમામ વીથિકાઓ, કંદરાઓ, પર્વત શૃંખલાઓ, કોકિલની કિલકારી, કપિંજલનો કલરવ, કલાપિના કેકારવ અને મેના, શુકના કલશોરથી ગુંજી ઉઠે છે. ઠંડીના પ્રકોપથી સુક્કી ભંઠ જેવી બની ગયેલી તરુવર શાખાઓ, લત્તા મંડપોની ડાળે ડાળે શાખે શાખે પર્ણાંકુરો ફૂટી નિકળતા તે થોડા દિવસોમાં જ લીલીછમ વસ્ત્રોથી સુસજ્જ થઈ નર્તન કરી ઉઠે છે. અંગે અંગ પર પુષ્પમંજરીઓ ફૂટી નિકળતાં તેમનું સૌંદર્ય ઓર નિખરી ઉઠે છે અને તેની સુરમ્ય સુષ્મા, મધમધતી મહેંકથી અત્રતત્ર સર્વત્ર ચૈત્રન્ય પ્રગટી ઉઠે છે. પુષ્પવલ્લરીઓ પર મધભોગી મકરંદનું ગુંજન અને રંગબેરંગી પતંગિયાઓની ચિત્ત આકર્ષિત ક્રીડા નિહાળી મનમયુર નાચી ઉઠે છે.

એનાથી તદ્દન વિપરિત દૃશ્ય ત્યારે ખડું થાય કે જ્યારે લગભગ સપ્ટેમ્બર માસના અંતમાં અર્થાત્ ઓક્ટોમ્બર માસના આરંભથી વર્ષાનો પાલવ પકડી શરદની સાથે શિશિરનું આગમન થાય છે. તેની સાથે જ પક્ષીવૃંદો આ વિસ્તાર છોડી ચાલ્યા જાય છે. હિંસક પ્રાણીઓ સહિત તૃણચર પ્રાણીઓ પણ નીચેના મેદાનોની વિસ્તારમાં ચાલ્યા આવે છે. વૃક્ષ વેલીઓ પર લીલા પાંદડા ખરી પડવાથી તે હાડપિંજર જેવા ભાસવા લાગે છે. ઉંચી પર્વત માળા પર ઉષ્ણતામાનનો પારો શુન્ય ડીગ્રીથી પણ ખૂબ નીચે ચાલ્યો જતાં ઠંડીના પ્રકોપથી હિમાલયની આ ગિરિમાળા થરથર કાંપવા લાગે છે. પરિણામ સ્વરૂપે નિસર્ગનો ધબકાર બંધ થઈ જાય, સર્વત્ર ચૈતન્ય ચાલ્યું જાય છે અને સ્મશાનવત્ શાંતિ પથરાઈ જાય છે. તેની સાથે યાત્રાળુઓનું આગમન પણ નહીંવત્ બની જાય છે.

શ્રીરામે ગંગોત્રીના દર્શન કરી ગૌમુખ તરફ જવા આગળ ડગ માંડ્યા. અહીંથી કપરા સીધા ચઢાણનો આરંભ થઈ રહ્યો હતો. ગંગોત્રીથી ગૌમુખ સુધીનો માત્ર અઢાર માઈલ જેટલો લાંબો આ નાનકડો રસ્તો, કોઈપણ સાહસિક પર્વતખેડૂને મોતનો સામનો કરવા પડકાર ફેંકી રહ્યો હતો. નીચે ગળી જવા મોઢું ફાડી તત્પર બેઠેલી વિકરાળ ખીણ અને તેની નીચે જળસમાધિ આપવા કટિબધ્ધ ગંગા નદીનો ધસમસતો પાણીનો પ્રવાહ કોઈપણ યાત્રાળુની છાતીને બેસાડી દે તેમ હતો. જો કોઈ પર્વતખેડૂ યાત્રાળુ આગળ ડગ માંડતા ભૂલ કરી બેસે, ડરી જાય, ધ્રુજી જાય અને પગ લપસી પડે તો હજારો ફૂટ નીચે ઉંડી ખીણમાં પટકાય અને જીવન તથા મૃત્યુ વચ્ચે રહેલું હાથ વેંતનું છેટું, એજ ક્ષણે પુરું થાય. એ ખીણમાં એવી રીતે ફંગોળાય કે તેના શરીરનું એક પણ હાડકું સલામત ન રહે. અર્થાત્ અહીં તો ડગલેને પગલે મૃત્યુ રાહ જોઈને બેઠું હતું. શ્રીરામને એક એક પગલું ખૂબ જ વિચારી વિચારીને મુકવું પડતું. તો બીજી બાજુ સેંકડો ફૂટ ઉંચો પહાડ પોતાની જગ્યા તસુભાર છોડવા તૈયાર ન હતો. સો-બસો ફૂટ ચઢાણ ચડતા, કોઈપણ યાત્રાળુની શ્વાસોશ્વાસની ગતિ તીવ્ર બની જાય, ક્ષણ બે ક્ષણમાં તો એ લુહારની ધમણની જેમ હાંફવા લાગે. થાકીને લોથપોથ, પરસેવાથી રેબઝેબ ઢગલો થઈ જમીન પર બેસી જાય.

આવી વિપરિત ડરાવી ધ્રુજાવી દેનારી ક્ષણોમાં ઉતાવળે સર્પાકારે વાંકીચુંકી દોડી જતી પગદંડી ક્યારેક ભય તો ક્યારેક આનંદ, ઉમંગનો અનુભવ કરાવતી રહેતી. ચારે તરફ કુદરતે ખોબેને ખોબે વેરેલું નૈસર્ગિક સૌંદર્ય મનને પુલકિત, આનંદિત, પ્રફુલ્લિત કરી રહેલ હતું. દૂર દૂર ક્ષિતિજ પર્યન્ત પાંખ પ્રસારી ભીંસોભીંસ ઉભેલા ધવલ હિમશ્રૃંગો, નીલ, શ્વેત, રતુંબલ, પીત્તવર્ણા ફૂલોની બુટ્ટા જડેલી લીલીછમ મખમલી ઘાસની ઓઢણી ઓઢી ખિલખિલ હસતા

પહાડના ઢોળાવો, ઘાસીઆ મેદાનો, પગથિયા આકારના ખેતરો, તેની ઉપર ચરતાં ઘેટાં બકરાંના ટોળાં, ક્રીડા કરી રહેલ મૃગબાળ, પુંછડી પટપટાવતા કીડા ભક્ષ્ય કરતું ખંજન, થરથરો, ધીંગામસ્તી કરતો નીલકંઠ, પીતાંબર કસ્તુરો, કિલકિલાટ કરતો સોનેરી શક્કર ખોરો, લાલચટ્ટાક ચણોઠી જેવી પુષ્પવલ્લરીઓમાંથી સર્વત્ર પ્રસરતી મીઠી મીઠી સુગંધ, જડીબુટ્ટીઓની આવતી ભીની ગંધ થાકીને લોથપોથ થઈ ગયેલા પ્રવાસીના શરીરમાં તાજગી ભરી દેતી હતી અને આગળ વધવા નવો પ્રાણ ફૂંકી રહી હતી. આકાશમાં ઝળુંબી રહેલા વાદળો અને એની પાછળ લપાતો છુપાતો સંતાકુકડી રમતો સૂરજ ક્યારેક છાંયો તો કયારેક તડકો કરતો હૃદયમાં અગણિત ઉન્મેષ જગાડતો આનંદ, ઉમંગ, ઉત્સાહ ભરી દેતો હતો. ઉછળતા, કુદતા રૂમઝુમ, રૂમઝુમ ઝાંઝર ઝંકૃત કરતા નર્તન કરતા હજારો નિર્ઝરો, નેત્રોને શાંતિ, તૃપ્તિનો અનુભવ કરાવી રહેલ હતા. શ્રીરામને અહીં પોતાના મનને પૂરેપૂરું એકાગ્ર બનાવી દેવું પડ્યું. દરેક ડગ સંપૂર્ણ સાવચેતી દાખવતા આગળ માંડવું પડતું. તેને માટે એક હાથે પહાડનો સહારો લેવો પડતો. જોકે પહાડમાં પકડી રાખવા જેવી ટેકારૂપ કોઈ વૃક્ષવેલી કે અન્ય કોઈ વસ્તુ ન હતી કે જેની પકડી આગળ ડગ મુકી શકાય. શરીર ગંગા તરફ ઝુકી જઈ સમતોલન ન ગુમાવી દે તે માટે પહાડની દીવાલ પર હાથ ટેકવી મદદ લેવી પડતી. શરૂઆતનું દોઢ બે માઈલનું કપરું ચઢાણ ચડતા અંતર કાપતા ખૂબ જ મુશ્કેલીઓ ઉઠાવવી પડી. એ ભયાનક ડરાવી દેનારી ક્ષણોને યાદ કરતા મનમાં અનેક પ્રકારના ચિત્રવિચિત્ર વિચારો ઉદ્‌ભવી રહ્યા હતા. શ્રીરામ મનોમન વિચારવા લાગ્યા કે જો આમ આપણે હંમેશા મૃત્યુને આપણા સામીપ્યમાં જોતા રહીએ તો વ્યર્થ વાતો પાછળ મનને સતત દોડાવતી ભટકાવતી રહેતી મૃગતૃષ્ણાઓથી બચી શકાય. જીવન લક્ષ્યનો પ્રવાસ પણ આપણા આજના પ્રવાસ સમાન જ છે, જેમાં દરેક ડગ વિચારી વિચારી મુકવું જરૂરી હોય છે. જો એક પણ ડગ ખોટું યા ગાફેલિયત ભર્યું ઉઠે, તો મનુષ્ય પોતાના જીવનના મહાન લક્ષ્યથી ચ્યુત થઈ એક ઉંડા ગર્તમાં ફંગોળાઈ જાય. આપણને જીવન પ્રત્યે સ્નેહ હોય, મમતા હોય, તો એ સ્નેહને ચરિતાર્થ કરવાની એક જ રીત છે, પોતાની જીવન નૌકાને વ્યવસ્થિત દિશામાં ચલાવતા સાંકળી પગદંડી પસાર કરી પેલેપાર લઈ જઈએ, કે જ્યાંથી આગળ પ્રવાસ ખૂબ જ શાંતિથી ચાલે. મનુષ્યનું જીવન પણ એવું જ જવાબદારીઓથી છલોછલ ભરેલું છે, કે જેવું ગંગાના તટ પર ઉભેલા પહાડની વાંકીચુંકી સીધા ટટ્ટાર ચઢાણ વાળી પગદંડી પર ચાલતા યાત્રાળુનું છે. તેનો યોગ્ય રીતે નિભાવ કરતાં આપણે સંતોષનો શ્વાસ લઈ શકીએ અને આશા રાખી શકીએ કે આ અભીષ્ટ

તીર્થના દર્શન કરી શકીશું. કર્તવ્યપાલનની પગદંડી પણ એટલી જ સાંકડી છે, તેમાં ગાફેલિયત દાખવીએ તો જીવનના લક્ષ્યને પ્રાપ્ત કરવાની આશા જ કોણ રાખી શકે? ધર્મના પહાડને દીવાલની જેમ પકડી ચાલવાથી આપણે આપણું સમતોલન જાળવી રાખી શકીએ, જેનાથી ગર્તમાં ફંગોળાઈ જવાનો ભય ઓછો થઈ જાય. કપરાં સમયમાં દીવાલની મદદ આપણા માટે સર્વસ્વ છે. ધર્મ પ્રત્યેની શ્રધ્ધા પણ લક્ષ્ય વાળા મુકામ સુધી વ્યવસ્થિત રીતે પહોંચવા સહાય રૂપ નિવડી શકે.

શ્રીરામ સાંકળી પગદંડી પર સાવચેતીપૂર્વક ડગ માંડતા સુક્કી ચટ્ટી તરીકે ઓળખાતી એક જગ્યાએ આવી પહોંચ્યા. સામે હિમાચ્છાદિત ગિરિશૃંગો સ્પષ્ટ દેખાઈ રહ્યાં હતાં. તેના પર રહેલો છવાયેલો બરફ ધીરે ધીરે પિગળી પાણીમાં રૂપાંતરિત થઈ ઉચ્છૃંખલ નિર્ઝરોનું સ્વરૂપ ધારણ કરી રહેલ હતો. બરફના કેટલાક ટુકડાઓ તો પિગળ્યા પહેલાં જ પાણી સાથે ભળી જઈ વહેવા લાગતા, એના કારણે દૂરથી આ ઝરણું એવું લાગી રહ્યું હતું કે જાણે તેમાં દૂધ ફીણ બની ઉભરાવા પ્રયત્ન કરી રહ્યું હોય. આ દૃશ્ય તો ખૂબ જ રમણીય હતું, તેને નિહાળી આંખો તૃપ્તિનો અનુભવ કરતી શીતળ શાંત બની રહી હતી.

સામે ચાંદી જેવા ચળકતા પર્વતોને જોઈ તેમનાથી થોડે દૂર બેઠેલા બાળકો વચ્ચે પરસ્પર ચર્ચા ચાલી રહી હતી કે સામે જે પર્વત દેખાઈ રહ્યો છે, તે કઈ ધાતુનો બનેલો છે. તેમાંથી એક બાળકે સાંભળ્યું હતું કે પર્વતોમાં ધાતુઓની ખાણો હોય છે. તે પૈકીના બીજા બાળકે કહ્યું કે એ પહાડ ચાંદીનો છે. પરંતુ એ બાળકો પૈકી એક છોકરી હતી. તેને મનમાં શંકા થઈ, પરંતુ તે એવું ન વિચારી શકી કે એ પહાડ ચાંદીનો ન હોય તો બીજી કઈ વસ્તુનો હશે, પરંતુ એણે એટલું તો જરૂર વિચાર્યું કે આટલી બધી ચાંદી આમ ખુલ્લી પડી હોય તો કોઈને કોઈ તેને ઉઠાવી જવા જરૂર પ્રયત્ન કરે.

શ્રીરામને બાળકો વચ્ચે ચાલતી ચર્ચાથી મનોરંજન મળી રહ્યું હતું અને બાળકો પણ પ્રેમાળ લાગ્યા. શ્રીરામે બન્નેને પોતાની પાસે બોલાવ્યા અને સમજાવ્યું કે આ પહાડ પથ્થરોનો બનેલો છે, પરંતુ તે ઉંચો હોવાના કારણે તેની ઉપર બરફ છવાયેલો છે. ગરમી પડે ત્યારે આ બરફ પિગળવા લાગે છે અને ઠંડી પડે ત્યારે તે જામવા લાગે છે. સૂર્યકિરણો તેની ઉપર પડતાં બરફનો ચળકાટ ચાંદી જેવો લાગે છે.

બીજા દિવસે પ્રવાસ આગળ વધાર્યો. રસ્તામાં બીજા ત્રણચાર યાત્રાળુનો સંગાથ મળી ગયો. સૌ એક બીજાના ડગમાં ડગ મેળવી એક પ્રગાઢ વન વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા, એ દરમિયાન અચાનક વૃક્ષોની ડાળીઓ પર

ઠેરઠેર મધપુડા બનાવી વાસો કરી રહેલી હજારો પીળી મધમાખીઓ શ્રીરામ સહિત તમામ યાત્રાળુઓ પર તૂટી પડી. એ શરીર સાથે એવી રીતે ચોટી ગઈ હતી કે તેને અળગી કરવી મુશ્કેલ હતી. કેટલાકે હાથ વડે, તો કેટલાકે કપડાં વડે ઉડાડવાનો પ્રયત્ન કરી જોયો, ભગાડી પણ ખરી અને જાતે પણ ભાગ્યા, તે બધી જ સામૂહિક રીતે તેમનો દૂરદૂર સુધી પીછો કરતી રહી. તેમણે પોતાના ઝેરીલા ડંખથી અનેક લોકોના શરીર વિંધી નાખ્યા હતા, જ્યાં જ્યાં ડંખ માર્યો હતો તે અંગ સુજી ગયું. ત્યાં સખત બળતરાં થવા લાગી.

શ્રીરામ મનોમન વિચારવા લાગ્યા કે આ મધમાખીઓને આમ અચાનક આક્રમણ કરવાનું કેમ સુઝ્યું, અમારી ઉપર હુમલો કરવાથી એમને શું મળ્યું. કદાચ આ મધમાખીઓ એવું વિચારતી હશે કે જંગલના સમગ્ર વિસ્તાર પર અમારું જ સામ્રાજ્ય છે અને અમારું જ રહેવું જોઈએ. આ પ્રદેશ હંમેશા અમારા માટે સલામત રહેવો જોઈએ અને એમાં કોઈ અચાનક આવી પોતાનું સામ્રાજ્ય ન સ્થાપી દે એ અમારું લક્ષ્ય છે. તેમની ભાવનાઓની તદ્દન વિપરિત અમોને સૌને અહીંથી પસાર થતા જોઈ તેમને એવું લાગ્યું હશે કે આ બધા જ અમારા દુશ્મનો છે. અમારા સામ્રાજ્ય પર પોતાનો અધિકાર જમાવવા જ અહીં આવ્યા છે. સંભવ છે કે તેમણે અમારી અહીંથી પસાર થવાની આ ચેષ્ટાને ઉદ્દંડતા, નિર્લજ્જતા સમજી હોય અને પોતાના બળનું અને દર્પનું પ્રદર્શન કરવા અને ડખલગીરીનો સ્વાદ ચખાડવા આ હુમલો કર્યો હોય.

## હિમાચ્છાદિત પર્વતો વચ્ચે ગરમ પાણીના ઝરાઓ

અનેક દિવસોથી શ્રીરામે શરીરને નિશ્ચેષ્ટ કરી દેનારા હીમ જેવા ઠંડા પાણીથી નહાવું પડતું. જો કે આ એક પ્રકારે મહાવરો બની ગયો હતો. કોઈપણ રીતે હિંમત એકઠી કરી પાણીમાં એક બે ડુબકી લગાવી સ્નાન કરી લેવાનો સંતોષ વ્યક્ત કરાતો, પરંતુ બરફની જેમ થીજવી દેનારા વાતાવરણમાં શરીરને ઘસી ઘસી નહાવું સંભવી શકતું ન હતું, કે જેવું શરીરની સ્વચ્છતા માટે જરૂરી છે. ત્યાંથી થોડું આગળ ચાલતા ચાલતા તેઓ જગનની ચટ્ટી પર આવી પહોંચ્યા. અહીં પહાડ પર એક જગ્યાએ ગરમ પાણીના ત્રણ ઝરા હોવાની જાણ થઈ. આમ અચાનક સુયોગ મળી જતા તેમની શરીરને ઘસી ઘસી નહાવાની ઈચ્છા પ્રબળ બની ગઈ. જેથી તેને ન્યાય આપવા ડગ આગળ માંડ્યા. ગંગા નદીનો પુલ પસાર કરી સામે આવેલ ટેકરી પર ચઢવા પ્રયત્ન કર્યો. આ પણ ખૂબ જ કપરું ચઢાણ હતું. અનેક જગ્યાએ વિસામો ખાતા હાંફતા હાંફતા ટેકરીની ટોચ પર ચઢી ગયા અને ધગધગતા ગરમ પાણીના કુંડ સુધી પહોંચી ગયા. આમ તો ત્યાં ત્રણ કુંડો આવેલા હતા, તે પૈકીના એક કુંડમાં એટલું બધુ ગરમ

પાણી હતું કે નહાવું તો દૂર પરંતુ તેને હાથ વડે સ્પર્શ કરવો પણ મુશ્કેલ હતો. લોકોએ જણાવ્યું કે જો ધગધગતા પાણીના આ કુંડમાં દાળ, ચોખાની એક પોટલી બનાવી લટકાવી દેવામાં આવે તો થોડા જ સમયમાં ખિચડી રંધાઈને તૈયાર થઈ જાય. આ પ્રયોગ તો શ્રીરામ ન કરી શક્યા, પરંતુ પાસે આવેલા અન્ય કુંડમાં કે જેનું પાણી સામાન્ય ગરમ રહેતું હતું, ત્યાં બેસી શરીરને ચોળી ચોળી, ઘસી ઘસી સ્નાન કર્યું અને અઠવાડિયાથી સંઘરી રાખેલ મનની અધૂરી આકાંક્ષાઓને આજે પૂરી કરી દીધી. કપડાં પણ ગરમ પાણીમાં બોળી સારી રીતે ધોઈ નાખ્યા.

ત્યાં બેઠા બેઠા શ્રીરામ વિચારમાં પડી ગયા કે જ્યાં હંમેશા પહાડો પર બરફ વર્ષા થતી રહેતી હોય, ત્યાં પહાડની છાતી ચીરીને વહેતા આ ઝરણાઓમાં ઠંડુ બરફ જેવું પાણી જ વહેવાના બદલે આ ધગધગતા ગરમ પાણીના ઝરણાઓ ક્યાંથી ફૂટી નિકળે છે? પછી ખબર પડી કે પહાડોની નીચે ગંધકના ખડકો આવેલા છે, જે ત્યાં નજીકમાંથી પસાર થતા પાણીના પ્રવાહને અસહ્ય ઉષ્ણતા પૂરી પાડે છે. બરાબર એ જ રીતે કોઈ સજ્જન વ્યક્તિમાં અનેક પ્રકારના શીતળ શાંતિદાયક ગુણ હોવાથી તેનો વ્યવહાર પણ ઠંડા ઝરણાંઓની જેમ શીતળ શાંત હોઈ શકે, પરંતુ તેનામાં દુર્બુદ્ધિનો કોઈ એકાદ કણ છુપાયેલો હોય, તો તેની ગરમી ગરમ ઝરણાંની જેમ બહાર ફૂટી નિકળે છે અને છુપાવવા છતાં છુપાવી શકાતી નથી.

બીજા દિવસે સવારે જ્યારે શ્રીરામે આગળ વધવા પ્રયત્ન કર્યો ત્યારે તેમને ગંગોત્રી તરફથી આવતું સાતેક વ્યક્તિઓનું એક ટોળું રસ્તા વચ્ચે મળી ગયું. તેમાં પાંચ પુરુષો અને બે સ્ત્રીઓ હતી. તેમનો બોજ તો તેમના પોતાના ખભા પર જ હતો, પરંતુ પેલા સાતે જણાનો સામાન પહાડ પર રહેતો એક કુલી ઉઠાવીને ચાલી રહ્યો હતો. કુલી કોઈ આસપાસના ગામડામાં રહેતો હોય એમ જણાયું. તેની ભાષા કડવી અને તોછડી હતી અને સારી રીતે સમજી પણ શકાતી ન હતી. સ્વભાવે ખૂબ જ અક્કડ, ઝગડાળું હોય તેવો લાગતો હતો. જ્યારે અન્ય સહયાત્રાળુઓ ઝાલા ચટ્ટીની ઉપર આવેલા મેદાનમાં ચાલી રહ્યા હતા ત્યારે તેણે આંગળીનો ઈશારો કરતાં ડરી ગયાનો વિચિત્ર હાવભાવ દર્શાવતા દૂર આવેલી એક ચીજ દેખાડી અને પોતાની ભાષામાં કંઈક બબડ્યો. તેની બધી વાતોની તો સમજ ન પડી, પરંતુ તેની સાથે ચાલી રહેલી વ્યક્તિઓ એટલું જ સમજી શકી કે ભાલૂ ભાલૂ (રીંછ-રીંછ) અને તેઓ એ દિશામાં ધ્યાન પૂર્વક જોવા લાગ્યા. ચારે બાજુ ખૂબ જ ધુમ્મસ છવાયેલો હતો, જેથી આસપાસમાં આવેલ કોઈ વસ્તુ દેખાતી જ ન હતી. અરે! પંદર વીસ ફૂટ દૂર આવેલ એકાદ વૃક્ષ પણ દેખાતું ન હતું, પરંતુ પેલાં કુલીએ જે દિશામાં ઈશારો કર્યો હતો, તે તરફ તેને કાળા કાળા રંગના જાનવરો ફરતા નજરે પડ્યા.

જે વ્યક્તિએ કુલીના મોંઢેથી રીંછ-રીંછ શબ્દ સાંભળ્યો હતો તે તો ખૂબ જ ડરી ગયો હતો. એણે તો સંપૂર્ણ વિશ્વાસ સાથે સમજી લીધું કે નીચે રીંછનું ટોળું ફરી રહ્યું છે. જે પાછળ પાછળ ચાલતો હતો તે ડરનો માર્યો આગળ આગળ ચાલવા માંડ્યો. તેના હોઠ સુકાવા લાગ્યા અને ડરનો માર્યો થર થર ધ્રુજી રહ્યો હતો. એણે શ્રીરામ સહિત સૌને ત્યાં જ રોકી દીધા અને નીચે કોઈ કાળા જાનવર તરફ ઈશારો કરતા બોલ્યો કે ત્યાં રીંછ ફરી રહ્યું છે, હવે જીવન માટે ભય છે.

અચાનક આવી પડેલી આફતથી સૌ ડરી ગયા, પરંતુ ખબર પડતી ન હતી કે હવે શું કરવું? જંગલ પણ ખૂબ જ ગીચ હતું, જેથી ત્યાં રીંછ હોય એ અંગે પણ કોઈ શંકા કરી શકાય તેમ ન હતું. શ્રીરામે થોડા દિવસ અગાઉ પોતાની સાથે ચાલી રહેલા યાત્રાળુ પાસે રીંછની ક્રુરતા અંગે ઘણી બધી વાતો સાંભળી હતી, કે જેઓ બે વર્ષ પહેલાં માનસરોવર જઈ આવ્યા હતા. સૌના મનમાં ડર વધી ગયો પેલું કાળું જણાતું જાનવર તેમની તરફ ધસી રહ્યું હતું. ગાઢ ધુમ્મસ હોવાના કારણે તેનું મોઢું સ્પષ્ટ દેખાતું ન હતું. તેનો રંગ કાળો હતો અને કદ પણ બિલકુલ રીંછ જેવું હતું અને પેલા પહાડી કુલીએ પણ રીંછ હોવાનું જણાવી દીધું હતું, હવે શંકા કરવા જેવી કોઈ વાત જ રહી ન હતી. સૌએ પેલા કુલીને જ પૂછ્યું કે હવે શું કરવું જોઈએ. સૌ પાછળ પાછળ આવી રહેલા પેલા કુલી તરફ જોયું, તે તો ત્યાંથી ક્યાંક અદૃશ્ય જ થઈ ગયો હતો. કલ્પનાની ઘોડાદોડે એક જ અનુમાન લગાવ્યું કે પોતાના જીવનની સલામતી અંગે ભય જોઈ તે ક્યાંક છુપાઈ ગયો હશે, યા તો તે કોઈ વૃક્ષ પર ચઢી ગયો હશે. ત્યારે સૌએ પોતાના ભાગ્ય સાથે શરીરને પણ બિલકુલ એકલું અટુલું નિઃસહાય જોયું.

શ્રીરામ સહિત તમામ યાત્રાળુઓ એક જગ્યાએ એકઠા થઈ ગયા, બબ્બેની જોડીમાં ચારે દિશા તરફ મોઢું કરી લીધું. લોખંડના ખિલા જડેલી લાકડીઓ કે જેને લઈ સૌ ચાલી રહ્યા હતા, તેને બંદૂકની જેમ સામે તાકી અને પરસ્પર નક્કી કરી લીધું કે જે કોઈની ઉપર રીંછ હુમલો કરે તો, તેઓ તેના મોઢામાં ખિલા ચોંટાડેલ લાકડી ઘુસાડી દે અને તેની સાથે જ બીજા બધા તેની ઉપર તૂટી પડે, કોઈ ભાગે નહીં, અંત સુધી સૌ સાથે રહે, પછી ભલે ને મરી જઈએ કે જીવીએ. આ યોજના ઘડી સૌ ધીરે ધીરે આગળ વધવા લાગ્યા, પરંતુ બીજી બાજૂ જે રીંછ યાત્રાળુઓ તરફ આગળ આવી રહ્યા હતા, તે નીચે તરફ ઉતરવા લાગ્યા. તો સૌએ પોતાની ચાલવાની ઝડપ વધારી દીધી, લગભગ બે ઘણી  વધારી દીધી. જેટલું જલદી સંભવી શકે તેટલું જલદીથી ભયસ્થાનને પાર કરી જવાની જ સૌને ઈચ્છા હતી. જીભથી સૌએ ભગવાનના નામનું રટણ ચાલુ

કરી દીધું હતું. મનમાં રહેલો ભય તેમને ખૂબ જ ખરાબ રીતે સતાવી રહ્યો હતો. આમને આમ લગભગ દોઢ બે માઈલ જેટલો રસ્તો વટાવી લીધો.

વાતાવરણમાં છવાયેલો ધુમ્મસ ધીરે ધીરે ઓછો થઈ રહ્યો હતો. પાછળથી આવતો સૂર્યનો પ્રકાશ હવે સ્પષ્ટ દેખાવા લાગ્યો હતો. વૃક્ષોનું ગીચ ઝુંડ તો ક્યાંય પાછળ રહી ગયું હતું, થોડીવાર પછી ઘેટાં બકરાં ચરાવતા લોકો સામે દેખાયા. સૌએ રાહતનો શ્વાસ લીધો. તાળવે ચોટી ગયેલો જીવ ધીરે ધીરે નીચે આવ્યો. સૌ પોતાની જાતને ભયમુક્ત અનુભવવા લાગ્યા, પછી ત્યાં જ નીચે બેસી આરામ કરવા લાગ્યા. ક્ષણભર પેલાંનો ભય ક્યાંય ગાયબ થઈ ગયો હતો, એટલામાં પેલો કુલી પણ ત્યાં આવી ચડ્યો. એ શ્રીરામ સહિત સૌને ડરી ગયેલા જોઈ પૂછવા લાગ્યો કે આટલા બધા ભયભીત કેમ છો. તો બધા જ બોલી ઉઠ્યા કે તે જે રીંછ બતાવ્યા હતા, તેનાથી અમોને ભગવાને જ ઉગારી લીધા. પરંતુ તે અમારી સાથે ઘણો દગો કર્યો, તેનાથી બચવાનો ઉપાય બતાવવાના બદલે તુ જ ક્યાંક જઈ છુપાઈ ગયો.

કુલી બિચારો આ વાત સાંભળી અચરજમાં પડી ગયો, એ સમજી ગયો કે નક્કી સૌના મનમાં ભ્રમ ઘુસી ગયો છે. એ બોલ્યો-સાહેબ આપને સૌને કંઈક ભ્રમ થઈ ગયો છે. મેં આપને ઈશારાથી જે ભાલૂઓ (રીંછ) હોવાની વાત કહી હતી તે તો નજીકમાં આવેલ ઝેલા ગામમાં ઉગતા બટાટા(આલુ) વિષે કહી હતી, કે ખૂબ જ પ્રખ્યાત છે. ત્યારે જ લોકો સમજી શક્યા કે આલૂ અને ભાલૂ શબ્દ સમજવામાં થોડી ગેરસમજ થઈ ગઈ છે. પેલા કુલીએ પોતાની વાત આગળ વધારતા કહ્યું કે અહીં બટાટાની ખેતી ખૂબ થાય છે અને તેનું કદ પણ મોટું મોટું હોય છે. આવી ખેતી આસપાસના કોઈ ગામમાં થતી નથી. આ વાત મેં આપને આંગળીનો ઈશારો કરી બતાવી હતી. એણે ઝાલા ગામના આલૂ(બટાટા) કહ્યા હતા તો સૌ સમજી બેઠા ભાલૂ (રીંછ). આપે જે કાળા જાનવરો જોયા હતા તે તો અહીંની કાળી ગાયો હતી, જે આખો દિવસ અહીંતહીં ચરતી રહે છે. તે ધુમ્મસના કારણે આપને રીંછ જેવી દેખાઈ. અહીં વળી રીંછ ક્યાં મળી આવે છે? એ તો ઉપર મળી આવે છે, આપ તો ખોટા જ ડરી ગયા. હું તો કુદરતી હાજતે જવા એક ઝરણા પાસે જઈ બેસી ગયો. જો હું આપની સાથે હોત તો આપનો ભય અને ભ્રમ તરત દૂર કરી દેતો.

સૌ લોકો પોતાની મૂર્ખતા પર હસી હસીને ઢગલો થઈ ત્યાં બેસી ગયા અને ભોઠંપ પણ અનુભવી. ખાસ કરીને પેલા જોડીદારને ખૂબ જ ધમકાવ્યો કે જેણે કુલીએ કહેલી વાતનો અવળો અર્થ કરી ઉછાળી હતી. ભય હવે ઠઠ્ઠા-મશ્કરીમાં બદલાઈ ગયો. આખો દિવસ આ જ ચર્ચા ચાલતી રહી. એ ડરના

સમયે જે જે વ્યક્તિને કંઈ બોલી હતી અને કર્યું હતું, તેને ચર્ચાનો વિષય બનાવી સાંજ સુધી એક બીજાની ઠેકડી ઉડાડતા મજાક કરતા રહ્યા. સૌ કોઈ પોતાને બીજાથી પોતાને વધુ ડરી ગયેલો સાબિત કરવામાં જ રસ લેતા હતા. આમને આમ વાટ તો વાતોમાં જ કપાઈ ગઈ. રસ્તામાં મનોરંજન પણ ખૂબ જ મળ્યું.

આગળ વધતા શ્રીરામને ''રડતા પર્વતો'' મળ્યા. તેના પથ્થરો ખૂબ જ પોચા હતા, ઉપરના ભાગમાં ઝરણાંનું પાણી થંભી ગયું હતું. પોચા પથ્થરોએ તેને ચુસી લીધું, આ ચુસેલું પાણી ક્યાં જઈ રહ્યું હતું? નીચે તરફ કે જેણે પહાડને ભીનો બનાવી રાખ્યો હતો. જ્યાં જ્યાં પણ જગ્યા હતી ત્યાં ભેજ એકઠો થઈ પાણીના ટીંપા રૂપે વરસી રહ્યો હતો. આ ટપકી રહેલા પાણીના ટીંપાને લોકો પોતાની ભાવના અનુસાર આંસુના ટીંપા કહે છે. અહીં તહીંથી ધૂળ ઉડી પેલાં ભેજવાળી જગ્યાએ ચોટી જતી હતી, તેની સાથે ઘાસમાં રહેલા જીવજંતુઓ પણ આવી જતા. આ ચોટી ગયેલી માટી પર લીલી કાચ જેવી મુલાયમ લીલ પણ જામી જતી હતી. આ લીલને અહીં વસતા પહાડી લોકો 'કીચડ' કહે છે. એ દિવસે સૌએ રડતા પહાડને જોયો, તેના આંસુઓ પણ લુછી નાખ્યા. એના કીચડને થોડો ખોતરીને જોયો. આટલું જ કરી શકાય તેમ હતું એને કોણ પૂછતું કે પહાડ તુ શા માટે આક્રંદ કરી રહ્યો છે અને એ તેનો જવાબ પણ શા માટે આપે?

આગળ વધતા શ્રીરામને બકરીઓનું એક મોટું ઝુંડ મળી ગયું તેની સંખ્યા લગભગ સો સવાસો જેટલી હશે. એને અહીંના પર્વત પ્રદેશની જીવન-દાયિની કામધેનુ કહી શકાય. દૂધ આપે છે, ઉન આપે છે અને બચ્ચાં પણ આપે છે. સાથે સાથે પોતાની પીઠ પર વજન પણ ઉઠાવે છે. આ બધી જ બકરીઓના વાળ પણ ખૂબ જ મોટા મોટા હતા. સૌની પીઠ પર દસ પંદર શેર જેટલું વજન લાદવામાં આવ્યું હતું. અહીં તહીં હળવો માલસામાન ખસેડવા ખચ્ચરો ઉપરાંત આ બકરીઓ પણ એક અગત્યનું સાધન હતી. પહાડોની સાંકડી પગદંડીઓ પર બીજા જાનવરો યા વાહનો કામ ન કરી શકે.

## પ્રકૃતિ દ્વારા રુદ્રાભિષેક

શ્રીરામ અત્યંત દુર્ગમ રસ્તો વટાવી ભોજવાસા આવી પહોંચ્યા. બીજા દિવસે તેમને કોઈ પ્રકારે ગૌમુખ પહોંચી જવાનું હતું. રસ્તામાં આમ તો કોઈપણ પ્રકારની વધુ અવરજવર તો હતી જ નહીં. ક્યાંક ઉત્તરકાશી કે ગંગોત્રી તરફ આવતા જતા રડ્યા ખડ્યા યાત્રાળુ મળી આવતા. રસ્તામાં આવતા વિસામાની જગ્યાએ રોકાણ કરનારાઓની ભીડ જામી રહેતી, પરંતુ ભોજવાસામાં એ અંગે નિરાંત હતી. અહીં તો હવે માત્ર છ યાત્રાળુઓ રહી ગયા હતા. પેલા

સાધુઓ પણ રસ્તામાં જ ક્યાંક તેમનાથી છુટા પડી ગયા. ખાવા માટે ભાથું તો સૌ સાથે જ લાવ્યા હતા. એટલે એ અંગે કોઈપણ પ્રકારની ચિંતા ન હતી.

શ્રીરામે સામે છાતી તાણી ઉભેલા હેમાદ્રી ગિરિશૃંગ પર દૃષ્ટિ ફેંકી. તેઓ આ શું નિહાળી રહ્યા છે? આશ્ચર્યચક્તિ રહી ગયા કે હિમગિરિ સ્વયં પોતાના હાથ વડે ભગવાન આશુતોષ પર જળનો અભિષેક કરી તેમનું પૂજન કરી રહ્યા ન હોય એવું દુર્લભ દૃશ્ય ખડું થઈ રહ્યું હતું. હિમશૃંગમાંથી એક નૈસર્ગિક નિર્ઝર નિકળી પોતાની કાયાને સંકોરી નીચે પ્રકૃતિ દ્વારા કંડારી તૈયાર કરવામાં આવેલ નીલલોહિત શિવલિંગ જેવા એક વિશાળ પાષાણ ખંડ પર અભિસિંચન કરી રહ્યું હતું. તેમાંથી જળની હજારો છોળો ઉડી. નાના નાના જલકણોમાં પરિવર્તન પામી દસે દિશામાં પ્રસરી જતી છે. તેની ઉપર સૂર્યના કિરણો પરાવર્તન પામી સપ્તરંગી ઈન્દ્ર ધનુષ રચી રહ્યા હતા. આ નયનરમ્ય દૃશ્ય નિહાળી મન ધન્યતાનો અનુભવ કરતું અવર્ણનીય, અકથ્ય આનંદથી પ્રફુલ્લિત થઈ નાચી ઉઠ્યું. હૃદયમાં ઉર્મીઓના સ્પંદનો જાગી ઉઠ્યા.

શ્રીરામ આ દૃશ્ય નિહાળી ભાવ વિભોર બની નાચી ઉઠ્યા. જાણે એવું લાગી રહ્યું હતું, કે ભગવાન શિવજી અહીં સાક્ષાત બિરાજમાન છે. આકાશમાંથી સરી ધરતી પર અવતરિત થઈ રહેલી ગંગા જાણે અહીં આવી શિવજીની જટા પર અભિષેક કરી રહી હોય અને દેવતાઓ પોતાના મનમાં ઉછળતો આનંદ વ્યક્ત કરવા સપ્તરંગી પુષ્પોની વૃષ્ટિ કરી રહ્યા હોય એવો આભાસ થઈ રહ્યો હતો. આ વિરલ દૃશ્ય શ્રીરામના નેત્રોને શાંતિ પ્રદાન કરી રહેલ હતું. આ દૃશ્ય એટલું બધુ અલૌકિક, અદ્‌ભુત, અનોખું અને રમણીય હતું કે શ્રીરામ તેને ક્ષણભર માટે પણ વિચલિત થયા વગર અનેક ક્ષણો સુધી એક જ ધ્યાનથી તેને નિરખતા રહ્યા. છતાં પણ તેમનું મન તો અતૃપ્તિનો જ અનુભવ કરી રહ્યું હતું. આ દૃશ્ય તેઓ ત્યાં સુધી નિહાળતા રહ્યા કે જ્યાં સુધી અંધકારે એ જગ્યા પર આવી પોતાનું સામ્રાજ્ય સ્થાપી ન દીધું.

સૌંદર્ય આત્માની તૃષા છે, પરંતુ એ કુત્રિમતાના કીચડમાંથી ઉપલબ્ધ થવું અસંભવ છે. લોકો પોતાના મકાનના ઓરડામાં જંગલો, પર્વતો, ખીણો, ઝરણાંઓના ચિત્રો બનાવી ટાંગતા હોય છે અને તેના દ્વારા જ આનંદ, તૃપ્તિ, સંતોષ પ્રાપ્ત કરી લેતા હોય છે. પરંતુ આ તો માત્ર સંતોષ પ્રાપ્ત થઈ જવાની માનસિક કલ્પના છે. એ સાચો આનંદ નથી. એ માત્ર કુત્રિમતા છે. નિસર્ગના ખોળામાં ઉછળતા, કુદતા, રમતા સૌંદર્યના હજારો ઝરણાંઓ નિરખવાની આપણાંને ક્યાં નવરાશ છે. અરે તેની તરફ તો કોઈ આંખ ઉઠાવીને જોતું પણ નથી. હિમાલયની તમામ કંદરાઓ, વીથિકાઓમાં અત્રતત્ર સર્વત્ર સૌંદર્ય

વિખરાયેલું પડ્યું છે. આ કારણે જ હિમાલયને પ્રકૃતિપ્રેમીઓએ સૌંદર્યનો મહાસાગર કહ્યો છે. તેમાં સ્નાન કરવાથી આત્મામાં, અંતઃકરણમાં રોમાંચ પેદા થાય છે. આત્મા ઈચ્છા કરે કે બાહ્ય ભૌતિક સૃષ્ટિને ભૂલી આ અનંત સૌંદર્યના મહાસાગરમાં જ ખોવાઈ કેમ ન જઈએ.

શ્રીરામ આ દૃશ્ય નિરખી ઘણા જ ભાવવિહ્વળ બની ગયા હતા. અનેક ક્ષણો સુધી એ વિરલ દૃશ્ય એમની આંખ સમક્ષથી હટતું જ ન હતું. મનમાં તરંગિત થતી ભાવનાઓ આ દિવ્ય દૃશ્યનો આનંદ લૂંટતી રહી. જાણે તેણે સાક્ષાત શિવજીના જ દર્શન ન કર્યા હોય. હૃદયમાં એટલી બધી ઉર્મીઓ ઉમટી રહી હતી કે તેમને માટે આ રસાસ્વાદનો એક શબ્દ લખવો જો સંભવ બની શક્યું હોત, તો જેઓ આ દૃશ્ય નિહાળવા અહીં સુધી પહોંચી શકતા નથી, તેઓ આ રસાસ્વાદ માણી કેટલું બધુ સુખ પ્રાપ્ત કરી શકતા, સાથે સાથે પોતાના ભાગ્યની પ્રશંસા કરતા.

સતત પ્રવાસ ખેડતા રહેવાથી પગમાં છાલા પડી ગયા હતા. આજે ખૂબ જ ધ્યાન પૂર્વક પગ પર નજર કરી જોયું તો બન્ને પગ પર નાના મોટા મળીને કુલ દસ જગ્યાએ છાલા પડી ગયા હતા. એના કારણે અસહ્ય વેદના થઈ રહી હતી. થોડા દિવસ પહેલાં કપડાંના નવા બુટ એટલા માટે પહેર્યા હતા કે એ દુર્ગમ રસ્તા પર કંઈક મદદ રૂપ નિવડે. પરંતુ એણે જ દસ જગ્યાએ ડંખ મારી દીધા હતા. આ છાલામાં જે તાજા હતા તે સફેદ જેવા દેખાતા હતા, જે જૂના હતા અને જેને પાણી અડી ગયું હતું તે પીળા પડી ગયા હતા. ચાલતી વખતે પગ સફેદ, પીળા દાંત બહાર કાઢી ચાલવા માટે લાચારી પ્રગટ કરી રહ્યા હતા. પોતાના લક્ષ્ય વાળો મુકામ તો હજી ઘણો દૂર હતો. એક બે દિવસમાં ત્યાં પહોંચી જવું જરૂરી હતું. પરંતુ પગ જો અત્યારથી જ આમ દાંત દેખાડશે તો તે કેવી રીતે સંભવી શકશે? કાલે તો લંગડાતા લંગડાતા કોઈ પણ પ્રકારે ચાલી નાખ્યું, પરંતુ આજે ચાલવું મુશ્કેલ હતું. બે ત્રણ છાલા તો પાકીને ફૂટી પણ ગયા અસહ્ય પીડા થઈ રહી હતી. એના કારણે ઘા ઉંડો થઈ રહ્યો હતો. હવે તે વધુ વધશે તો ચાલવું મુશ્કેલ થઈ પડશે અને જો ન ચાલી શકાયું તો નક્કી કરાયેલા સ્થળે સમયસર પહોંચવું કેવી રીતે સંભવી શકશે? આ ચિંતાએ શ્રીરામને આખો દિવસ હેરાન પરેશાન કરી દીધા.

ઉઘાડા પગે આ પથરાળ જમીન પર ચાલવું દુષ્કર હતું. તેની ઉપર પથરાઈને પડેલા નાના નાના કાંકરાઓ પર જ્યારે પગ પડતો ત્યારે તે પગમાં ઘુસી જતા અને કાંટો વાગ્યો હોય એવી પીડા કરતા. તેને માટે એક નવો જ ઉપાય શોધી કાઢવો પડ્યો. થેલામાં પડેલા એક ધોતિયાને ફાડી બે ટુકડા કર્યા

અને તેને બન્ને પગ પર કસીને બાંધી દીધા કે જેથી પગ સચવાઈ રહે. બુટ ઉતારી થેલામાં રાખી દીધા. તેનાથી કામ ચાલી ગયું અને ધીરે ધીરે રસ્તો કપાવા લાગ્યો.

એક બાજુ તેમના પગ જે ખરાબ સમયે દાંત દેખાડી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ એક હાથે પકડી રાખેલી વાંસની લાકડી, કે જે ક્યાં જન્મી હશે, ક્યાં મોટી થઈ હશે અને ક્યાંથી સાથે થઈ ગઈ, એ બિચારી આજે સગાભાઈ જેવું કામ આપી રહી હતી. જ્યાં તેને ટેકવવામાં આવતી ત્યાં તે ત્રીજા પગનું કામ આપતી. જેવી રીતે વૃધ્ધ બીમાર વ્યક્તિને તેના સહૃદયી કુટુંબીજનો પોતાના ખભાનો સહારો આપી આગળ ચાલવા મદદ કરે છે, બરાબર એ જ રીતે શરીર જ્યારે થાકીને લોથપોથ થઈ જાય ત્યારે, આ લાકડી સગાસંબંધી જેવી મદદ રૂપ નિવડતી.

ગંગનાની ચટ્ટી આગળ ચાલતા જ્યાં આગલા દિવસે ખૂબ જ વર્ષા થઈ હતી. ત્યાં આજે લપસણું બની ગયું હતું. એકબાજુ પહાડ બીજી બાજુ ગંગાનો સાંકડો રસ્તો. આવા મુશ્કેલ સમયમાં આ લાકડીએ ડગલેને પગલે જીવન અને મૃત્યુ વચ્ચેની સમસ્યાનો ઉકેલ આણ્યો.

ખૂબ આશા સેવી સાથે રાખેલા કપડાંના જોડાએ પગમાં ઠેરઠેર ડંખ માર્યા. જે પગ પર ખૂબ જ ભરોસો હતો, વિશ્વાસ હતો એણે પણ દાંત દેખાડી દીધા. પરંતુ માત્ર થોડા પૈસામાં ખરીદવામાં આવેલી લાકડી કામ આવી. તેની તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેના ગુણ ગાવાની તેમને ઈચ્છા થઈ આવી.

## ગર્જના કરતી ભૈરવ ઘાટી

શ્રીરામ આખરે લંગડાતા લંગડાતા ભરવ ઘાટી સુધી આવી પહોંચ્યા. એ દિવસોમાં તિબેટ સાથે વેપાર ખેડવા માટે તેલંગ ખીણ સુધી પહોંચવાનો રસ્તો અહીંથી જ નિકળતો. હર્ષિલના જાટ તથા ખંભા વેપારીઓ આ રસ્તે જ તિબેટ માલ વેચવા જતા અને તેના બદલામાં ત્યાંથી ઉન વગેરે ખરીદીને લાવી ભારતમાં વેચતા હતા. ચઢાણ ખૂબ જ કપરું હોવાના કારણે શ્વાસોશ્વાસની પ્રક્રિયા તીવ્ર બનતી. થોડે દૂર ચાલતાં જ થાકનો અનુભવ થતો અને વારંવાર બેસવાની આરામ કરવાની આવશ્યકતાનો અનુભવ થતો. તેઓ પહાડની એક વિશાળ શિલા નીચે બેસી થાક ઉતારવા લાગ્યા. નીચે વહી રહેલી ગંગા એટલા વેગથી ગર્જના કરી રહી હતી કે, જેટલી અન્ય કોઈ પણ જગ્યા આટલી ગર્જના કરતી સાંભળવા મળી ન હતી. તેના નીચે પછડાવાથી ઉડતી છોળો ત્રીસ ચાલીસ ફૂટ સુધી ઉંચે ઉઠતી હતી. શ્રીરામ મનોમન વિચારવા લાગ્યા કે ગંગાના પ્રવાહમાં આટલો બધો વેગ, આટલી મોટી ગર્જના કેમ છે? એ અંગે

વધુ જાણવા તેમના મનમાં ઝંખના જાગી. એમણે નજીક જઈ ધ્યાનપૂર્વક નીચે જોયું, દૂર દૂર સુધી નજર દોડાવી. તો જણાયું કે ગંગા પહાડની બે વિશાળ શિલાઓ વચ્ચેથી પસાર થાય છે તે જગ્યા ખૂબ જ સાંકડી છે. જો પાણીનો આટલો વિશાળ જથ્થો આટલી સાંકડી જગ્યાએથી પસાર થાય તો ત્યાં પ્રવાહનો વેગ તીવ્ર હોય એ પણ સ્વાભાવિક હતું. પછી એના રસ્તામાં મોટા મોટા ખડકો પણ આવેલા હતા. એની સાથે પાણીનો પ્રવાહ જોરથી અથડાતો. તેના કારણે પ્રચંડ ગર્જના થઈ રહી હતી.

ત્યારબાદ તેઓ ત્યાંથી આગળ વધ્યા. ચીડ, દેવદાર, ભોજવૃક્ષોથી છવાયેલા ગીચ જંગલ વચ્ચેથી પસાર થઈ રહ્યા ત્યારે તેમને લીલા શાકભાજીના અભાવે જમવામાં થોડી તકલીફનો અનુભવ થતો હતો. પરંતુ હિમાલયના પહાડી વિસ્તારમાં વસતા લોકોને લીલા શાકભાજી ખાવાનો કોઈ શોખ પણ ન હતો. બટાકા સિવાય અહીં બીજા કોઈપણ પ્રકારના શાકભાજી મળતા જ ન હતા. એ દિવસોમાં વાહન વ્યવહારના સાધનોના અભાવે તથા નીચેના દૂરના વિસ્તારમાંથી ખરીદી લાવી અહીં વેચવામાં બટાટા પણ મોંઘા પડતા. એ દિવસોમાં જ્યાં જ્યાં વિસામા (ચટ્ટી)ની જગ્યા હોય ત્યાં દુકાનદારો એક રૂપિયાના શેરના ભાવે બટાટા વેચતા. આમ તો અહીં ગમે ત્યાં બારે માસ પાણીના ઝરણાં વહ્યા કરતા, કેટલાક લોકો તેનો ઉપયોગ પોતાના ખેતરોની સિંચાઈના કામ માટે કરતા; પરંતુ શાકભાજી ઉગાડવાનો કે ખાવાનો રિવાજ જ ન હતો. શ્રીરામ રોજે રોજ બટાકા ખાઈ ખાઈને કંટાળી ગયા હતા. એમ કહેવાય કે તેઓ તેનાથી ઉબી ગયા હતા. શાકભાજી અંગે તેમણે ત્યાં વસતા લોકો અને દુકાનદારો સાથે વાતચીત કરી, તો એમણે કહ્યું કે અહીં પહાડોમાં ઠેરઠેર ઉગી નિકળેલા વેલાઓમાંથી ત્રણ પ્રકારના છોડ-વેલાઓ એવા છે કે જેના પાંદડાનું શાક કરી શકાય તેમાંથી એક છે મોરચા, બીજો લિંગડા, ત્રણ કોલા (આ ત્રણે હિમાલય પર થતા વનસ્પતિના છોડ છે).

તો તરત શ્રીરામે પહાડ પર વસતા એક મજૂરને પૈસા આપ્યા ને પેલા પાંદડા વીણી લાવવા કહ્યું. આ છોડ ત્યાંના વિસામાની જગ્યાની પાછળ જ ઉગેલા હતા. પેલો મજૂર ઝટપટ જઈ તેને તોડી લાવ્યો. તેની પાસેથી તેમણે બનાવવાની રીત શીખી લીધી. ત્યારબાદ તેને સમારી વઘારી નાખવામાં આવી. જમતી વખતે તે ખૂબ જ સ્વાદિષ્ટ લાગી. બીજા દિવસે તેમણે ત્યાં વસતા લોકો પાસે લિંગડાના અને ત્રીજા દિવસે કોલાના પાંદડા મંગાવી રાંધીને ખાધા. આ ત્રણે પ્રકારના પાંદડાના શાક એકબીજાથી વધુ સ્વાદિષ્ટ લાગ્યા. મનને ખૂબ જ આનંદ થયો. છેલ્લા એક મહિનાથી તેમને લીલા શાકભાજી મળ્યા ન હતા, આજે તેને ખાઈ તૃપ્તિનો અનુભવ કર્યો.

બીજા દિવસે તેઓ આગળ વધવા પ્રયત્ન કર્યો તો વહેલી સવારથી જ ઝરમર ઝરમર વર્ષા શરૂ થઈ ગઈ હતી. જે ખીણને પસાર કરી આગળ વધી રહ્યા હતા તે સમુદ્રની સપાટીથી લગભગ દસ હજાર ફૂટની ઉંચાઈ પર આવેલી હતી. વાદળો દ્વારા પોતાની ઉપર આક્રમણ થવું તેને ચીરી પોતાની જાતને તેની વચ્ચેથી પસાર થતી જોવી આ દૃશ્ય મનોરંજન પ્રધાન હતું. એટલું જ નહીં એ કૂતુહલ પણ વધારનારું હતુ. પિંજેલા રૂ ના પર્વત જેવા મોટા મોટા ઢગલા સમાન વરાળમાંથી બનેલાં ઉડતા આ વાદળોને નિર્ભય બની પોતાની પાસેથી પસાર થતા જોવા જીવનનો એક અમૂલ્ય લહાવો હતો. ગાઢ ધુમ્મસની જેમ એક સફેદ અંધારું પોતાની ચારેબાજૂ વિંટળાઈ જતું, કપડાંમાં ભેજ છવાઈ જતો અને શરીર પણ ભીનું બની જતું. એ સમયે જો વર્ષા થતી હોત તો ખબર પડતી કે વાદળો કેવી રીતે વરસીને પાણીના ટીંપામાં ફેરવાઈ જાય છે.

### ગૌમુખના દર્શન

શ્રીરામ રસ્તામાં અનેક પ્રકારના કડવા મીઠા અનુભવો કરતા ગૌમુખ આવી પહોંચ્યા. આજે તેમની વર્ષોથી સેવી રાખેલી ગંગા માતાના ઉદ્‌ગમને જોવાની અભિલાષા પૂરી થઈ ગઈ. તેમને ઋષિકેશ, જોશીમઠ થઈ ગંગોત્રી સુધી પહોંચતા જેટલી મુશ્કેલીઓ ઉઠાવવી પડી ન હતી, એના કરતાં અનેક ઘણી મુશ્કેલી તેમને આ ગંગોત્રીથી ગૌમુખ સુધીના ૧૮ માઈલના આ નાનકડા ટુકડામાં ઉઠાવવી પડી હતી. એવી તો અનેક જગ્યાઓ આવી કે જ્યાં રસ્તો તૂટી ગયો હોય ત્યાં સાચવીને પણ પસાર થવું એક પ્રકારે જીવન સાથે જુગાર રમવા સમાન હતું. માત્ર એક પગ લપસી પડે તો પણ જીવનનો અંત જ સમજવો જોઈએ.

ગૌમુખના દર્શન થતાં જ તેમનું મન નાચી ઉઠ્યું. હૃદયમાં સંઘરાયેલી સેંકડો આશાઓ આમ અચાનક તૃપ્ત થઈ ગઈ. અંદર આનંદના અસંખ્ય હિલોળા ઉઠવા લાગ્યા. અહીં હિમગ્લેશિયરમાંથી પાણીનો જે પાતળો પ્રવાહ પ્રગટે છે, તેનો રંગ નીલવર્ણો છે. ગંગામાતાનો આ ઉદ્‌ગમ આસપાસમાં આવેલ હિમાચ્છાદિત ગિરિશ્રૃંગો કરતાં અનેક ઘણો વધારે સુંદર દૃશ્યમાન થાય છે. તેનું આ વહેણ આમ તો ખૂબ જ નાનકડા વહેણ જેવું છે, પરંતુ તેનો વેગ અત્યંત પ્રચંડ છે. એમ કહેવાય છે કે પાણીનું આ વહેણ કૈલાશ પર્વતમાં વસતા ભગવાન શિવજીની જટામાંથી સરે છે. ગંગા કૈલાશ પર્વતથી ગૌમુખ સુધીના સેંકડો માઈલ અંદરને અંદર વહી અહીં આવી પહોંચે છે. રસ્તામાં તેને કરોડો ટન ગ્લેશિયરોના બરફને ઉથામવો પડે છે અને તેનું દબાણ પણ સહન કરવું પડે છે. તેના પરિણામ સ્વરૂપે આ પ્રચંડ પ્રવાહે તીવ્ર વેગ પકડ્યો છે. જે કંઈપણ

હોય પરંતુ ઉર્મીશીલ હૃદય માટે આ પ્રવાહ એવો લાગે છે કે જાણે માતાની છાતીમાંથી આ દૂધની ધારા વહી રહી હોય. એનું પાન કરી એમાં જ મગ્ન બની જવા એક એવી જ લગની લાગી હતી, કે જેવી ગંગા લહેરીની રચના કરનાર જગન્નાથ મિશ્રના મનમાં જાગી હતી અને પોતાના દ્વારા રચવામાં આવેલ ગંગા લહેરીના એક એક શ્લોકનું ગાન કરવાની સાથે એક એક ડગ આગળ માંડતા અને તેના અંતિમ શ્લોક સુધી પહોંચી, તેનું પાન કરવાની સાથે ભાવાવેશમાં આવી ગંગામાતાના ખોળામાં જ વિલીન થઈ ગયા. કહેવાય છે કે સ્વામી રામતીર્થે પણ આવી જ રીતે ભાવાવેશમાં આવી ગંગામાં કૂદકો મારી જળ સમાધિ લીધી હતી.

## તપોવનના દર્શન

ત્યાંથી આગળ વધતા ગંગાજળની જેમ આખા રસ્તે ઉમંગ અને ઉર્મીઓના તરંગો હિલોળા લેતા રહ્યા. આમ જોવા જઈએ તો એક વિશાળ ખડકમાં બનેલી ગુફામાંથી દૂધ જેવા સફેદ પાણીના ઝરણાં રૂપે ફૂટતી ગંગાનું આ જ મુખ છે. તેના પાણીના પ્રવાહમાં અત્યંત વેગ હોવાથી રસ્તામાં આવતા ખડકો સાથે અથડાઈ એના દૂર દૂર સુધી છાંટા ઉડતા. પાણીના આ કણો પર જ્યારે સૂર્યના સોનેરી કિરણો પડતા ત્યારે ખૂબ જ સુંદર રંગીન ઈન્દ્રધનુષ રચાતું.

ત્યાંથી આગળ ચાલતા ગંગા, વામક, નંદનવન, ભાગીરથી શિખર, શિવલિંગ પર્વત વડે ઘેરાયેલું તપોવન બસ આ જ હિમાલયનું હૃદય છે.

તપોવનની પરિસ્થિતિ નીચેના પર્વતાળ વિસ્તારો કરતાં તદ્દન ભિન્ન હતી. અહીં તો માત્ર હિમાચ્છાદિત કંદરાઓ ફેલાયેલી હતી. તેની ઉપર ચારે તરફ શ્વેત-દુગ્ધધવલ તુષારની જાજમ પથરાયેલી હતી. બરફ છવાયેલા આ વિસ્તારમાં ડગલેને પગલે અનેક પ્રકારના પડકારોનો સામનો કરવા તત્પર રહેવું પડતું. અહીં તો ગમે ત્યારે પગ લપસી પડે તો ઉંડા ગર્તમાં ધકેલાઈ જવાનો ભય તો સતાવતો રહેતો. બરફની ચાદર ઓઢી થર થર કાંપતા પહાડના પથ્થરો જ્યારે આ ચાદરમાંથી મોઢું બહાર કાઢી સૂર્ય પ્રકાશમાં પોતાના અંગને શેકવા પ્રયત્ન કરે ત્યારે અચાનક તે માટી સાથે ખરરરર કરતાં નીચે ઉંડી ખીણમાં ધકેલાઈ ટુકડે ટુકડામાં રૂપાંતર થઈ જતા હતા.

ચાર પાંચ કિલોમીટર જેટલો રસ્તો વટાવતા વટાવતા શ્રીરામને અનેક વાર પાછલા દિવસોના અનેક સંસ્મરણો તાજા થઈ આવ્યા. એ રસ્તાઓ આનાથી વધુ જોખમવાળા ખતરનાક હતા. ચારે તરફ માણસને ગળી જવા તત્પર ઉંડી ઉંડી વિકરાળ ખીણો, ખાઈઓ તથા બરફના ઢગલા નીચે મોઢું છુપાવી બેઠેલા

ઉંડા ખાડાઓ મક્કમ મનને ધ્રુજાવી દેતા હતા, જે પર્વતખેડૂને મોતનો સામનો કરવા પડકાર ફેંકી રહ્યા હતા. એટલું જ નહીં ત્યાં ઠેરઠેર જંગલી જાનવરો સાથે પડેલો પનારો અને ત્યારબાદ સર્જાયેલી માનસિક પરિસ્થિતિ બધુ જ યાદ આવી ગયું. પરંતુ એ જંગલી હિંસક પશુઓ પણ મનુષ્યને જોઈ ડરીને ભાગી જતા. તેઓએ જ્યાં જ્યાં રાત વાસો કર્યો ત્યાં ત્યાં આસપાસમાં મોટા મોટા ઝેરી સર્પો અને ફૂંફાડા મારતા અજગરો પણ જોયા પરંતુ અહીં એનાથી તદ્દન ઉલટું ચિત્ર જોવા મળી રહ્યું હતું. તપોવનના બરફાચ્છાદિત મેદાનોમાં ધ્રુજાવી દેનારા દૃશ્યો તો જોવા ન મળ્યા. માત્ર એકલ દોકલ રડ્યા ખડ્યા સાધુ સંન્યાસીનો જ ભેટો થયો. એ સાધુઓને પણ રસ્તામાં જે જે અનુભવો થયા તેના વર્ણન પર પણ જો ધ્યાન આપવામાં આવે તો તે રૂવાંડા ઉભા કરી દેનારું હતું.

આ રોમાંચક સંસ્મરણો અને વર્ણનોની જાળમાંથી બહાર નિકળી શ્રીરામે અહીં તહીં પથરાયેલા રંગબેરંગી પથ્થરો અને પહાડી પુષ્પોના સૌંદર્ય, સુષમા માધુર્યને માણવાનું શરૂ કરી દીધું. ચારે તરફ છવાયેલ રૂના ઢગલા જેવો શ્વેત તુષાર પોતાના અંગોને રંગીન પથ્થરો, પુષ્પો વડે ઈન્દ્રધનુષ જેવા શૃંગારથી સજાવી રહ્યો હતો. એ જ ક્ષણે શ્રીરામને ત્યાં ફેલાયેલી ઉંડી ઉંડી વિકરાળ ખાઈઓ, ખીણોની યાદ આવી ગઈ. આ બન્ને અનુભવોના સંગમે બોધ કરાવ્યો કે જીવનનો આનંદ મૃત્યુને યાદ કરવામાં જ છે. એની યાદ રહે, તો આપણે વર્તમાનમાં પણ સંતોષથી જીવવા લાગીએ છીએ. જે ક્ષણો સામેથી પસાર થઈ રહી છે, તેને સારી રીતે સિધ્ધ કરવા લાગીએ છીએ અને એ સત્યની સાથે એ આનંદની અનુભૂતિ પણ કરાવી દે છે. આ અનુભવ સાથે એ પણ યાદ આવ્યું કે છેલ્લા ત્રણચાર દિવસથી કોઈપણ સમયે ગરમ કપડાં પહેરવાની જરૂરિયાત જ ન પડી. નીચે જોશીમઠ, નીતિખીણ થઈ પાછા વળતા અને ઉપત્યિકા વચ્ચેથી પસાર થતા દરેક જગ્યાએ ઋતુ પ્રતિકુળ હતી, છતાં પણ ઠંડીએ તેમને ક્યાંય પણ સતાવ્યા ન હતા.

ઠંડીએ ક્યાંય પણ હેરાન પરેશાન કર્યો નથી એ યાદ આવતાં જ શ્રીરામનું મન બોલી ઉઠ્યું- મોઢું, કાન, આંખ અને નાક વગેરે જો ખુલ્લા રહેતા હોય અને તેને ઠંડી લાગતી જ ન હોય, તો બાકીના શરીરને શા માટે ઠંડી લાગવી જોઈએ. પહાડો પર વસતા લોકો બિચારા ગરમ કપડાં વગર જીવતા હોય છે, તેમને ઠંડી લાગતી જ નથી. જોશીમઠથી ગૌમુખ સુધી પહોંચતા સુધી સ્વામી નિર્મલાનંદ દ્વારા બતાવેલી વાતો યાદ આવી ગઈ. તેમણે કહ્યું હતું કે ઉંચા પહાડો પર ખૂબ જ ઠંડી હોય છે, પરંતુ એ પહાડોમાં, કે જ્યાં જ્યાં ગુફાઓ હોય છે તેની અંદરનું વાતાવરણ હુંફાળું-ગરમ હોય છે. ભોજવૃક્ષોના

થડ પર જે ગાંઠો ફૂટી નિકળતી હોય છે, તેને ઉકાળી એવું પીણું તૈયાર કરી શકાય કે જેનાથી શરીરનું રક્ષણ થાય અને ઠંડી લાગે પણ નહીં. પેટમાં ઘુંટણ અને માથું છુપાવી ટૂંટિયું વાળી બેસી જવાથી ઠંડીનો અનુભવ થતો નથી. માત્ર વિષમ પરિસ્થિતિઓ અને જંગલી હિંસક પશુઓનો ભય, પ્રાકૃતિક આફતોનો સામનો કરતા ચાલી રહેલો આ પ્રવાસ કંઈક તદ્દન ભિન્ન પરિસ્થિતિઓમાં ઓર રોમાંચ ભરી રહ્યો હતો.

તપોવનની દૂર દૂર ફેલાયેલી ઉપત્યિકામાં ઝુંપડી બનાવી રહેતા સ્વામી તત્વબોધાનંદ સાથે મુલાકાત થઈ ગઈ. તેઓ ઝુંપડીમાં બહુ ઓછું રહેતા. તેમનો વધુ પડતો સમય હિમાચ્છાદિત તપોવનમાં જ પસાર થતો. તેઓ પોતાના ઉઘાડા અંગ પર કહેવા પૂરતું માત્ર એક જ કપડું વીંટાળી રાખતા. આ ઝુંપડીનો ઉપયોગ ક્યારેક ક્યારેક આવી ચડનારા આગંતુક વ્યક્તિ માટે થતો. કોઈ અચાનક આવી ચડે અને જો તે ઠંડીથી ધ્રુજવા લાગે તો, તેને તેઓ અહીં જ આ ઝુંપડીમાં ઉતારો આપી દેતા. એકાદ દિવસ રોકાઈ એ વટેમાર્ગુ ત્યાંથી ચાલ્યો જતો. બસ આ એક જ ઉપયોગ સિવાય એ ઝુંપડીમાં શાંતિ જ પથરાયેલી રહેતી. જ્યાંથી તપોવનનો આરંભ થાય છે, ત્યાં ન તો કોઈ આશ્રમ છે, ન તો કોઈ ધર્મશાળા, મંદિર યા તીર્થ સ્થળ છે.

## નંદનવનમાં સાન્નિધ્ય સાંપડ્યું

તપોવનથી માત્ર થોડા ફલાંગો વટાવતા આગળ નંદનવનનો આરંભ થઈ જાય છે. સામાન્ય યાત્રાળુઓ તો અહીં સુધી આવતા જ નથી. સર્વત્ર બરફની ચાદર પથરાયેલ સપાટ મેદાનની છાતી પર ફૂટી નિકળેલ ગાંઠ જેવા ટાપુ પર ઉગી નિકળતી વનસ્પતિ અને દૂર દૂર સુધી ફેલાયેલ બરફની ચાદર સિવાય કંઈપણ પરલક્ષિત થતું ન હતું. અહીં સુધી યાત્રા કરવા અથવા દર્શન કરવા લાયક કોઈ આકર્ષણ જ નથી, એટલા માટે મોટા ભાગના લોકો તપોવનને જોઈ પાછા ફરી જાય છે. લગભગ નવાણું ટકા કરતાં પણ વધુ પ્રવાસીઓ આટલે સુધી પહોંચતા જ નથી. તેમનો પ્રવાસ તો ગૌમુખ સુધી પહોંચતા જ પૂરો થઈ જાય છે. આ દૃષ્ટિએ આ નંદનવનનો વિસ્તાર નિર્જન, નીરસ અને આકર્ષણ રહિત છે. જો શ્રીરામને પણ અહીં સુધી પહોંચવાનો આદેશ જ ન મળ્યો હોત, તો તેઓ પણ આ તરફ મોઢું ન કરતા. અહીં નંદનવનના આ હિમાચ્છાદિત મેદાનથી થોડા ફલાંગ આગળ અહીં કરતાં અનેક ઘણી વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. ત્યાં ઠેરઠેર બરફની ચાદર એટલી તો પાતળી પથરાયેલી છે, કે ત્યાં તો ખૂબ જ સાચવી સાચવીને ચાલવું પડે. સ્વામી તત્વબોધાનંદે અગાઉથી જ જણાવી દીધું હતું, એક પગલું આગળ માંડો ત્યારે બરફયુક્ત

સપાટી પર ધીરે ધીરે પગ મુકવો. એટલું ધીરેથી જાણે ફૂલ મુકવામાં આવ્યું હોય. પગ મુકતાં પહેલાં જ સાવચેત થઈ જવું. તેને માટે દંડાનો ઉપયોગ પણ કરી શકો છો, માત્ર એકલા દંડાના ભરોસે ન રહેતા. શરીરનું સંપૂર્ણ વજન ઉઠાવ્યા પછી પગ સારી રીતે સમતોલ રહી સ્થિર થઈ જાય, ત્યારે જ બીજો પગ મુકવો. ઠેરઠેર આવતા પાણીના ખાડાઓથી પણ આ રીતે બચાવ કરી શકાય.

જોશીમઠથી ઉત્તર દિશામાં આગળ વધતા ઘાંઘરિયા પાસે આવેલ ભુઈંદર નામની ઉપત્યિકા (ખીણ)માં પણ એક આવું જ બીજું નંદનવન આવેલું છે. તેનું પણ નામ ફૂલોની ખીણ (વેલી ઑફ ફ્લાવર) રૂપે જાણીતું છે. ત્રેતા યુગમાં લક્ષ્મણજીએ અહીં તપશ્ચર્યા કરી હતી. લોકોનું એવું માનવું છે કે ફૂલોની આ ખીણને પરશુરામે સજાવી હતી. જ્યારે સીતા સ્વયંવર રચાયેલો હતો ત્યારે ભગવાન શ્રીરામની આજ્ઞા થયા પછી તેઓ અહીં આવી વસ્યા. ત્યારબાદ તેઓએ અહીં બ્રાહ્મણ ધર્મનો ત્યાગ કરી ક્ષત્રિયોનો સંહાર કરવા બદલ પ્રાયશ્ચિત કર્યું હતું. તેમણે ઉધ્ધત-ઉદ્દંડ ક્ષત્રિયોનો સંહાર કરવા શસ્ત્રો ઉઠાવ્યા, પરંતુ જ્યારે તેમને ભાન થયું કે તેમણે બ્રાહ્મણત્વની મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું છે, ત્યારે તેઓએ મનમાં ઉત્પન્ન થયેલી ગ્લાનિ યા પાપના બોધથી મુક્તિ મેળવવા તેમણે ભગવાન શ્રીરામને તેનો માર્ગ પુછ્યો. ભગવાને તેમને હિમાલયના આ વિસ્તારને પુષ્પોના છોડથી આચ્છાદિત કરવાનો માર્ગ બતાવ્યો. ભગવાન વિષ્ણુના અંશાવતાર ભગવાન પરશુરામે આ વિસ્તારમાં તપ કર્યુ અને સેંકડો પ્રકારના પુષ્પોથી મઘમઘતા વનસ્પતિઓના છોડ ઉગાડ્યા. દુનિયાના કોઈપણ ખૂણામાં જઈ દૃષ્ટિ કરીએ તો આટલી વિવિધતા ધરાવતા પુષ્પોના છોડ અને વનસ્પતિઓ જોવા મળતી નથી.

પરંતુ શ્રીરામ જે નંદનવનમાં પહોંચ્યા હતા તે ફૂલોની ખીણના નામથી પ્રસિધ્ધ ઉપત્યિકાથી બીલકુલ ભિન્ન હતી. અહીં કોઈ પણ વ્યક્તિ આસાનીથી પહોંચી શકતી નથી, ન તો પ્રવેશ પામી શકે છે. આસાની તો શું ખૂબ જ મુશ્કેલીઓ ઉઠાવી, કે દુ:સાહસ ખેડીને પણ ત્યાં સુધી પહોંચવું દુષ્કર છે. સ્વામી તત્વબોધાનંદજીએ શ્રીરામને સાવધાની બતાવી હતી તેનું તેઓ પૂરેપૂરું ધ્યાન રાખતા. છતાં પણ કેટલીક જગ્યાએ મુશ્કેલી નડી પણ ખરી. એક જગ્યાએ પગ સારી રીતે ન ગોઠવતા એવો અનુભવ થયો કે જાણે તે અંદર જમીનમાં ધસી જતો હોય. પરંતુ બીજી જ ક્ષણે પ્રતીત થયું કે કોઈ બાવડું પકડી સાચવી રહ્યું છે.

સાચવી સાચવી આઠ દસ ફલાંગ આગળ ચાલતા એક ટેકરા જેવી જગ્યા દેખાઈ. એની ઉપર બરફનું આવરણ ભેદીને કેટલાક વનસ્પતિઓના છોડ ઉગી નિકળ્યા હતા. એ જોઈને શ્રીરામને ખૂબ જ આશ્ચર્ય થયું. બિલકુલ

હીમ જેવા વાતાવરણમાં આ લીલોતરી ક્યાંથી ફૂટી નિકળી. પછી આપોઆપ જ તેનું સમાધાન પણ મળી આવ્યું કે આ નિસર્ગનો ચમત્કાર જ છે. એ પણ સંભવી શકે, કે આ બધુ જ સ્વાભાવિક હોય, તેની પ્રક્રિયા સમજવામાં આવતી નથી, એટલા માટે એ ચમત્કાર જેવું લાગે છે. એ વનસ્પતિ પર દૃષ્ટિ ખોડાયેલી હતી ત્યાં અચાનક ઠંડી હવાનું એક મોજું ધસી આવ્યું. તેની અંદર મીઠી મીઠી સુગંધ પણ છવાયેલી હતી. એ સુષમાને ઓળખવા પ્રયત્ન કરવામાં આવ્યો. એ એવી જ સુગંધ હતી કે જેવી વસંત પંચમીના દિવસે આંબલખેડાની પૂજાની ઓરડીમાં અનુભવી હતી.

એ સુગંધને ઓળખી લેતા તરત બીજી તરફથી દૃષ્ટિ ફેરવી લેવામાં આવી અને એ દિશામાં દોડાવવામાં આવી કે જે દિશામાંથી સુગંધ આવી રહી હતી. બસ થોડા ડગ દૂર દિગંબર સ્થિતિમાં મૂળ સ્વરૂપે ગુરુદેવ ઉભા હતા. તેમને નિહાળી હર્ષના હજારો ઝરણાંઓ ફૂટી નિકળ્યા. ચહેરો પુલકિત, પ્રફુલ્લિત થઈ ઉઠ્યો. તેમને પ્રણામ કરવા શ્રીરામે જેવું માથું ઝુકાવ્યું, તેવા જ દિગંબર યોગીના હાથ પણ આશીર્વાદ આપતી મુદ્રામાં ઉપર ઉઠ્યા. કાળી ભમ્મર દાઢી અને એવી જ મૂંછોની પાછળ છુપાયેલા હોઠ પર સ્મિત દોડી આવ્યું. આંખોમાં ઝળકી રહેલી તેજસ્વિતા શ્રીરામનું સ્વાગત કરતી હોય એમ પ્રતીત થઈ રહ્યું હતું. તેઓ પોતાના મુખ વડે એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. રસ્તામાં નડેલી મુશ્કેલીઓ અંગે પણ એક શબ્દ ન પૂછ્યો. ન તો ક્ષેમકુશળ પૂછવાની ઔપચારિકતા નિભાવી. તેઓ શ્રીરામને પોતાની પાછળ પાછળ ચાલવાનો ઈશારો કરી આગળ આગળ ચાલી નિકળ્યા.

શ્રીરામે પોતાની માર્ગદર્શક સત્તાનું અનુકરણ કરતાં પોતાના ડગ આગળ માંડ્યા. હવે પોતાના મનમાં સાવચેતી દાખવતા ચાલવાનો વિચાર જ પ્રગટી રહ્યો ન હતો. તેઓ બિલકુલ નિશ્ચિંતતાથી, નિશ્ચલ ભાવથી પોતાની માર્ગદર્શક શક્તિની બિલકુલ પાછળ પાછળ ચાલી રહ્યા હતા. ગુરુદેવ એ ટેકરી તરફ જઈ રહ્યા હતા કે જેને નિહાળી શ્રીરામ મનમાં વિસ્મય પામ્યા હતા. પરંતુ ગુરુદેવ એ ટેકરી પર ન ચઢ્યા. તેઓ બરફ આચ્છાદિત પાષાણ ખંડની એક ગુફામાં ઘુસી ગયા. પોતાના ગુરુદેવની પાછળ પાછળ એ ગુફામાં પ્રવેશ કરતાં સમયે મનમાં ક્ષણભર માટે એવો વિચાર પ્રગટ્યો કે કદાચ જો ઉપર છવાયેલો બરફ નીચે ધરતી પર ધસી પડે તો શું થાય? અહીં જ જીવતા સમાધિ લઈ લેવી પડે. એ જ ક્ષણે તેમને પોતાના આ વિચારો પર હસવું આવ્યું. હજી તેઓ હસી રહ્યા હતા ત્યાં જ ગુરુદેવ બોલી ઉઠ્યા જીવતા સમાધિ લાગી જવાનો લાભ પણ છે. તમે પણ જ્યારે સૂક્ષ્મ શરીર ધારણ કરી લેશો ત્યારે૦ સિધ્ધ પુરુષોના સ્થાનમાં વાસ કરશો.

આ ટીખળ કરતાં ગુરુદેવ પણ હસી પડ્યા. શ્રીરામના મનમાં તેનાથી એ આભાસની પુનરાવૃત્તિ થઈ કે તેમનો કોઈ પણ ભાવ, વિચાર, સંકોચ બધુ જ ગુરુદેવ જોઈ-સમજી લે છે. તેમનાથી કંઈપણ છુપાવી શકાય તેમ નથી. ગુફામાં પ્રવેશ કર્યા પછી ચારે તરફ નજર દોડાવી જોયું તો ત્યાં પથ્થરની શિલાઓ પડી હતી. તે પૈકીની એક પર બેસી જવા ઈશારો કરતાં કહ્યું કે તેની ઉપર બેસી જાવ.

શ્રીરામ જઈને પથ્થરની એ શિલા પર બેસી ગયા. સાથે લઈ ગયેલા કપડાં વગેરે સામાનને નીચે રાખી દીધો અને તેઓ ગુરુદેવ તરફ જોવા લાગ્યા. તેઓ પોતાની ધુણી પાસે રાખેલા એક પાત્રમાં કંઈક જોઈ રહ્યા હતા. તેઓ પાત્ર લઈને ઉભા થયા અને જઈને પાછળની દિવાલ પાસે ઉભા રહ્યા. ગુફામાં પૂરતા પ્રમાણ પ્રકાશ ન હતો. બધુ જ ધુંધળું પ્રતીત થઈ રહ્યું હતું. શ્રીરામે માત્ર એટલું જ જોયું કે ગુરુદેવ થોડી ક્ષણ સુધી પેલી દીવાલ પાસે ઉભા રહ્યા અને તરત પાછા ફર્યા. એ પાત્ર શ્રીરામના હાથમાં પકડાવતા બોલ્યા આને પીને સુઈ જાવ.

તેમની પૂછવાની કોઈ ઈચ્છા જ ન થઈ કે આ પાત્રમાં શું છે? જોયું તો એ ગરમ ગરમ લાગ્યું સ્વાદે થોડું મીઠાશ પડતું હતું. તેમને પીતા જોઈ ગુરુદેવે કહ્યું, ''આ સંજીવની જડીબુટ્ટીનો રસ છે. એને પીવાથી તમારી તૃષા તથા ક્ષુધા તૃપ્ત થશે અને એનાથી શરીરને જરૂરી પોષણ પણ મળી જશે.'' ખરેખર સંજીવની નો રસ પીતા જ લાગ્યું કે હવે તૃપ્તિ થઈ ગઈ. નિંદ્રા આવવા લાગી. ગુરુદેવ પોતાની ધુણી પર બેઠા હતા. તે થોડું બળતણ નાખતાં જ સળગવા લાગી અને તેનાથી વાતાવરણમાં ઉષ્મા છવાઈ ગઈ. સુતા પહેલાં શ્રીરામે પોતાના ગુરુદેવને પ્રણામ કર્યા અને ડાબા હાથનું ઓશિકું બનાવી માથા નીચે રાખી સુઈ ગયા.

બીજા દિવસે વહેલી સવારે આંખો ખુલી ગઈ ગુફામાં શુન્યકાર છવાયેલો હતો. ગુરુદેવ પણ ત્યાં હાજર ન હતા. ન તો તેમનો કોઈ સંકેત યા સૂચન હતું. ઉંઘ ઉડી જતા જણાવા લાગ્યું કે હવે એ ખુમારી પણ રહી ન હતી. ઉઠીને બેઠાં થતા પોતાની આસપાસ જોયું. એક શિલાની પાસે પડેલી ટોપલીમાં બે ફળ રાખ્યા હતા. આ ટોપલી જંગલના કોઈ ફળની કડક છાલને કાપી બનાવવામાં આવી હતી. એ ફળ નાળિયેરના કદ કરતા મોટું હોવું જોઈએ, ત્યારે જ તો આ ટોપલી ગુંથી શકાઈ હતી. એ ટોપલી પણ મોટી હતી. તેમને મનમાં ઈચ્છા થઈ આવી કે આ બંને ફળો આરોગી જવા જોઈએ, પરંતુ મન, બુધ્ધિએ એની ઉપર પોતાનો અંકુશ લગાવી દીધો. એ વાતની ખબર ન પડી કે કેટલો સમય વહી ગયો. સંધ્યા-પૂજાના ક્રમ બાદ જ કોઈ આહાર લેવો જોઈએ.

શ્રીરામ શિલા પરથી ઉભા થઈ ગુફાના મુખ તરફ જવા ચાલી નિકળ્યા. એ ખૂબ જ ખંતથી સજાવેલી હતી અને સ્વચ્છ પણ ખૂબ જ હતી. આ વિસ્તારમાં

ધૂળ કે માટી જેવું કંઈ પણ હોતું નથી, કે જેથી હવા સાથે ઉડીને આવી અંદરના ભાગમાં છવાઈ જાય. બહાર આવતા જ લાગ્યું કે ગુફાનો રસ્તો વાંકોચુંકો અને ઉંચો નીચો છે. એટલે એમાં સંભાળીને ચાલવું જોઈએ. તેઓએ જ્યારે પોતાના ગુરુદેવ સાથે ગુફાની અંદર પ્રવેશ કર્યો ત્યારે આ પ્રકારની કોઈ ચિંતા થઈ ન હતી. એ સમયે તો એવું જણાઈ રહ્યું હતું કે જાણે કોઈ તેમને પોતાના ખભા પર ઉઠાવી ચાલી રહ્યું હોય. હવે તેઓએ બહાર તરફ જતી વખતે ખૂબ જ સાચવીને ડગ માંડ્યા.

ગુફાની બહાર આવી જોયું, તો દૂર દૂર સુધી બરફ છવાયેલો હતો. વચ્ચે વચ્ચે ટાપુ જેવી દેખાતી જગ્યા પર અંકુરિત થયેલી વનસ્પતિઓ અને લત્તામંડપો રંગ બેરંગી પુષ્પોથી શોભી રહ્યા હતા. આકાશમાં સૂરજ ચમકી રહ્યો હતો. જ્યારે તેઓ આ તરફ આવ્યા ત્યારે તેમને કંઈક અલગ જ દૃશ્ય નિરખવા મળ્યું. પરંતુ હજી સુધી તેમને સમયનો અંદાજ જ આવી રહ્યો ન હતો કે તેઓ કેટલી ક્ષણો સુધી ગુફાની અંદર રહ્યા. અંદર પ્રવેશ કર્યા અને બહાર નિકળ્યા પછી વચ્ચેના ગાળામાં જે રીતે દૃશ્ય બદલાઈ ગયેલું દેખાયું, એનાથી લાગ્યું કે ઘણો બધો સમય વહી ગયો છે, ઓછામાં ઓછા પંદરથી વીસ કલાક કહી શકાય. કારણ કે એ ગાળામાં સામેના મેદાનમાં છવાયેલો બરફ પિગળી ગયો હતો. એના કારણે તેની નીચે દબાઈ ગયેલી વનસ્પતિના છોડ બહાર દેખાવા લાગ્યા હતા.

થોડીક ક્ષણો સુધી શ્રીરામ નિસર્ગની આ લીલા, આ સુષમા નિહાળતા રહ્યા. તેમણે ગુફાની આસપાસમાં દૃષ્ટિ દોડાવી, તો થોડે દૂર એક ઝરણું કલકલનાદ કરતું વહી રહ્યું હતું. તેમને ઈચ્છા થઈ આવી કે ચાલો તેની પાસે પહોંચી જઉં. તેના કિનારે પહોંચી હાથ બોળી પાણીને સ્પર્શ કર્યો, તો તે શરીરને અનુકૂળ લાગ્યું. એ ન તો ઠંડુ હતું ન તો ગરમ હતું. અર્થાત્ એ હુંફાળું હતું. માર્ચ એપ્રિલના ગરમીના દિવસોમાં તળેટીના પ્રદેશોમાં ઝરણાંઓ તથા નદીઓમાં જેવું પાણી હોય તેવું જ તેનું ઉષ્ણતામાન હતું. કારણ કે સમગ્ર ખીણ પ્રદેશમાં ખૂબ જ ઠંડી હતી, એટલા માટે તે હુંફાળું લાગી રહ્યું હતું. પાણીને સ્પર્શ કરતાં જ યાદ આવ્યું કે હજી સંધ્યા પૂજન કરવાનું બાકી છે. તરત શ્રીરામે એ હુંફાળા જળમાં નાહી લીધું અને ત્યાં બેસીને જ સંધ્યા કરવા લાગ્યા. સૂર્યનારાયણને અર્ધ્ય આપ્યો, પ્રદક્ષિણા કરી અને નિયમિત જપનો ક્રમ શરૂ કરી દીધો. જપ તથા સ્તુતિનો ક્રમ પૂરો થયો, તેઓ ઉઠવા લાગ્યા, તો તેમણે સામે જોયું તો એક યુવાન સંન્યાસી ત્યાં ઉભા હતા. તેમની ઉંમર માંડ પચ્ચીસ છવ્વીસ વર્ષની રહી હશે. શરીર બિલકુલ કૃશકાય હતું. પરંતુ હાડકાં ખૂબ જ મજબૂત હતા. ઉંચા ખભાઓ અને તેમના ઉભા રહેવાના હાવભાવથી તેઓ

બળવાન અને શરીરથી સશક્ત જણાતા હતા. તેમના હાથમાં કંઈક કંદમૂળ જેવું હતું. શ્રીરામ ઉઠતા જ તેમણે પોતાના હાથમાંના કંદમૂળ શ્રીરામ તરફ આગળ ધર્યા અને કહ્યું કે 'આનો સ્વીકાર કરી લો.'

શ્રીરામે કહ્યું-''ક્ષમા કરો હું મારી માર્ગદર્શક સત્તા પાસે આવ્યો છું. તેમની મંજુરી સિવાય કંઈપણ ન લઈ શકું.'' કહ્યા પછી લાગ્યું કે ના પાડવી જ પર્યાપ્ત હતી. ગુરુદેવ પાસે આવ્યાનો ખુલાસો શા માટે કરવો? એ યુવાન સંન્યાસીએ કહ્યું-''મને આપના ગુરુદેવે જ આ કંદમૂળ લઈને જ આપની પાસે પહોંચવાનો આદેશ કર્યો છે.''

મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે ગુરુદેવે મારી પાસે અહીં પોતાનો પ્રતિનિધિ મોકલવાની શું જરૂરિયાત હતી. તેઓ સીધા જ હુકમ કરી શકે તેમ હતા, જેવી રીતે તેઓ આજ સુધી આપતા રહ્યા છે. મનમાં આ શંકા જાગતાં જ પેલા યુવાન સંન્યાસીએ કહ્યું-''હું આપનો ગુરુભાઈ છું. તેમનું સૂચન મળતાં જ હું આપની પાસે ચાલ્યો આવ્યો છું. આ કંદમૂળ સાધકો માટે ખૂબ જ ઉપયોગી છે. ક્ષુધા, તૃષાને તૃપ્ત કરે છે, ઠંડીથી રક્ષણ કરે છે અને શરીરની માંસપેશીઓને યોગસાધના અનુરૂપ નરમ પણ બનાવે છે.''

શ્રીરામને પોતાના મનમાં જાગતી શંકાઓ બદલ થોડી ગ્લાનિ થઈ. તો મનના બીજા ખૂણામાંથી અવાજ આવ્યો, તેમાં શરમાવાની કોઈ જરૂરિયાત જ નથી. સાવચેતી તો રાખવી જ જોઈએ, પછી બીજો સંદેશ આવ્યો કે જેના આશ્રયે અહીં સુધી આવવાનું શક્ય બન્યું છે, એની ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. એ યુવાન તપસ્વી સંન્યાસી પાસેના કંદમૂળ પોતાના હાથમાં લઈ ખાતાં તેનો સ્વાદ શિંગોડા જેવો લાગ્યો, તેનાથી તૃપ્તિનો અનુભવ થઈ રહ્યો હતો. તેનો માત્ર એક જ ટુકડો ખાતાં પેટ ભરાઈ ગયું. શ્રીરામે પેલા યુવાન તપસ્વીને પૂછી જોયું કે ''શું ગુરુદેવ આ ગુફામાં રહે છે?''

તપસ્વીએ કહ્યું, 'હા. તેઓ ક્યારેક ક્યારેક અહીં પણ રહે છે. સાથે સાથે તેમની વિભિન્ન જગ્યાઓ પૈકી આ પણ એક છે. તેઓ અહીં કોઈ પણ સમયે આવી જાય છે અને જ્યાં જરૂરિયાત અનુભવાય ત્યાં ચાલ્યા જાય છે.'

'આપ તેમના સાંનિધ્યમાં કેટલા સમયથી રહો છો?' શ્રીરામે પ્રશ્ન પૂછ્યો. તો તપસ્વી બોલ્યા-'અહીં દિવસ, મહિનો, કે વર્ષોની કોઈ ગણત્રી જ નથી. એનું કોઈ ધ્યાન રાખતું નથી. માત્ર સૂર્યોદય અને સૂર્યાસ્તનું જ ભાન હોય છે. એના થકી જ પ્રયોજન પૂરું થાય છે.'

શ્રીરામે પૂછ્યું-''પછી કોઈની ઉંમરની ખબર કેવી રીતે પડે?''તો પેલા યુવાન તપસ્વી બોલી ઉઠ્યા, ''તેની કોઈ જરૂરિયાત જ ઉદ્‌ભવતી નથી. એક

વિશેષ આત્મિક સ્થિતિ સુધી પહોંચ્યા પછી જ સાધક અહીં આવી શકે છે. આ સ્થિતિના સાધકોનું શરીર સમય અને સ્થળના પ્રભાવથી મુક્ત રહે છે.''

એ યુવાન સંન્યાસીને પૂછવાથી જાણ થઈ કે આગળના સિધ્ધ લોક સુધી પહોંચવા માટે ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી નંદનવનમાં રોકાવું પડે છે. યાત્રાના ઉદ્દેશથી આવેલા સામાન્ય લોકો તો તપોવનમાં જ રોકાઈ જાય છે. અહીં કલાક બે કલાક રોકાઈ તેમને પાછા જવું પડે છે. શરીર વધુ વાર સુધી વાતાવરણનું દબાણ સહન કરી શકતું નથી. કલાક બે કલાકનો સમય પણ ઑક્સીજન વાયુની મદદથી જ પસાર કરી શકાય. શ્રીરામને ઑક્સીજનની વ્યવસ્થા કર્યા વગર યા પ્રાણાયામનો વિશેષ અભ્યાસ કર્યા વગર જ અહીં સુધી આવવાની મંજુરી મળી હતી અને ત્રણ દિવસ સુધી આ જગ્યાએ રહી માર્ગદર્શક શક્તિ સાથે આગળનો પ્રવાસ ખેડવાનો હતો.

યુવાન સંન્યાસીએ શ્રીરામને કેટલાક નુસખા શિખવ્યા અને દેવકંદ સિવાય બીજી કંઈ પણ વસ્તુ ન ખાવા જણાવ્યું. ગુરુદેવનો સાક્ષાત્કાર થઈ જાય અને તેઓ પ્રસાદ રૂપે જે કંઈ આપે યા સંકેત કરે, તો જ એ આરોગી શકાય. કેટલાક જરૂરી સૂચનો કરી એ તપસ્વી સંન્યાસી પાછા ચાલ્યા ગયા. ત્યારબાદ શ્રીરામ થોડો સમય આસપાસમાં આવેલા વિસ્તારમાં ફરતા રહ્યા. આ મેદાનમાં વિવિધ પ્રકારના પુષ્પો મહેંકી રહ્યા હતા. ફરતાં ફરતાં તેઓ ત્યાં આવેલ એક કમળના કિનારા પાસે આવી પહોંચ્યા. તેમણે સરોવરમાં ચારે તરફ દૃષ્ટિ કરી. રક્તવર્ણા હજારો કમળ પોતાની સુષ્માથી સંપૂર્ણ વાતાવરણને મઢી દેતા હતા. એ પુષ્પો ખૂબ જ વિચિત્ર પ્રકારની સુગંધથી મઘમઘી રહ્યા હતા. આમ તો શ્રીરામે કમળ તો અનેક જગ્યાએ જોયા હતા, પરંતુ આવી મીઠી મીઠી મહેંક પ્રથમ વાર જ માણી રહ્યા હતા. આ સુગંધ તેમના નાકના છિદ્રોમાં જતાં જ તેમને તંદ્રાનો અનુભવ થવા લાગ્યો. આ તંદ્રામાં અનોખી મસ્તી હતી, આનંદ હતો. આ મસ્તીએ તેમના મગજ પર વર્ચસ્વ જમાવી દીધું. શ્રીરામના મનમાં શંકા પેદા થઈ કે કંઈક ઉલટું જ પરિણામ આવે નહીં. તેઓ પાછા પગલે ગુફામાં ફર્યા અને અંદર આવેલી પેલી એ શિલા પર બેસી ગયા કે જ્યાં ગુરુદેવે વિશ્રામ કરવા સૂચન કર્યું હતું. કમળદલમાંથી આવેલી મહેંક હજી પણ મનને આનંદથી તરબોળ બનાવી રહી હતી. થોડીવાર પછી હાથ ટેકવી પગ નીચે જમીન તરફ લટકાવી બેસી રહેવું તેમને મુશ્કેલ જણાયું. તો તેઓએ તરત એજ શિલા પર પલોઠી લગાવી બંને હાથ ખોળામાં લઈ લીધા. આંખો આપોઆપ બંધ થઈ ગઈ. ક્ષણભરમાં ધ્યાનમાં લીન બની ગયા. આમ તો તેમને સ્થિતિનું ભાન તો હતું, પરંતુ એ ન કહી શકાય કે તેઓ સંપૂર્ણ જાગૃત અવસ્થામાં હતા.

આ સ્થિતિમાં તેઓ ક્યાં સુધી બેસી રહ્યા એની કોઈ ખબર રહી નહીં, પરંતુ તેઓ જેટલા સમય સુધી બેસી રહ્યા, એટલા સમય સુધી મનમાં આનંદ છવાયેલો રહ્યો. આ પ્રકારનો આનંદ તેમણે પહેલાં ક્યારે પણ અનુભવ્યો ન હતો. કમળમાં તેમણે જે કમળદલ નિહાળ્યા હતા, એની જ છબિ મગજમાં ઉપસી રહી હતી. તે પૈકીનું એક પુષ્પ ખૂબ જ મોટું હતું. તેને ધ્યાનથી નિહાળતા આંખ સમક્ષ તેજોવલયની વચ્ચે બ્રહ્માંડની રચના, સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે વિલક્ષણ દૃશ્યો આંખ સમક્ષથી પસાર થઈ ગયા. તેજોવલયની વચ્ચે દેખાતી આકૃતિ આદિશક્તિ ગાયત્રીના જેવી દેખાતી હતી. સમયનું કોઈ ભાન જ ન રહ્યું. તેઓ ક્યાં સુધી નિહાળતા રહ્યા એની કોઈ ખબર ન રહી. સંપ્રજ્ઞાત સમાધિની આ સ્થિતિ જળવાઈ જ રહેતી. એક અવાજ તેમને એ સ્થિતિમાંથી બહાર લાવ્યો. આ અવાજ ગુરુદેવનો હતો.

એ રાત્રિએ ગુરુદેવ અચાનક એ ગુફા પર આવી પહોંચ્યા. પૂર્ણિમાનો દિવસ હોવાથી નભ મંડળમાં મરક મરક હસતા ટમટમતા તારલાઓ વચ્ચે ચંદ્રમા સોળે કળાએ ખિલેલ હતો. તેની શ્વેત-ધવલ ચાંદનીએ હિમાલયના તમામ ગિરિશૃંગો પર પોતાનું આધિપત્ય સ્થાપી દીધું હતું. અર્થાત્ તમામ હિમ શિખરો શ્વેત ચાંદની વડે સ્નાન કરી રહ્યા હતા. ગુરુદેવ તેમને જાગૃત સ્થિતિમાં આવવાનું કહી રહ્યા હતા. તેમણે માત્ર શ્રીરામ કહી અવાજ લગાવ્યો હતો. આ અવાજ સાંભળી શ્રીરામ એ રીતે ઝબકીને જાગી ગયા કે જાણે પ્રગાઢ નિંદ્રામાંથી તેમને કોઈએ હચમચાવી દીધા હોય. પોતાની નજર સામે ગુરુદેવને ઉભેલા જોઈ અનાયાસ જ બન્ને હાથ પ્રણામ કરવા ઉંચે ઉઠ્યા. તેમણે કહ્યું કે અહીંથી આગળ વધવાનો સમય આવી ગયો છે. જે સુગંધ તમને સમાધિની સ્થિતિ સુધી પહોંચાડવા માટે પ્રેરિત કર્યા હતા, તે બ્રહ્મકમળમાંથી આવી હતી.

આ શબ્દ સાંભળતા શ્રીરામના મનમાં વિચારોની વણઝાર ચાલી. તેમને મનમાં થયું કે આ પ્રકારના કમળો જો તમામ તીર્થભૂમિમાં ખિલી શકે, તો લોક સ્વાભાવિક રૂપે ધ્યાનનો આ આનંદ ઉઠાવી શકે. તેમના મનમાં હજી આ વિચાર પેદા જ થયો હતો ત્યાં ગુરુદેવે કહ્યું-''આ પ્રકારના કમળો કોઈપણ જગ્યાએ ખિલાવી શકાય. આ દુર્લભ પ્રકારના કમળો છે, પરંતુ પ્રયત્ન કરી શકાય તો તમામ સરોવરોમાં ઉગાડી શકાય. તેની સુગંધ કોઈને પણ ધ્યાનની ગહન સ્થિતિ સુધી લઈ જઈ શકે. બ્રહ્મકમળના સૂક્ષ્મ પ્રભાવને ગ્રહણ કરવા યોગ્ય સ્થિતિ સાધના દ્વારા જ આવે છે.''

આટલું કહી ગુરુદેવે તેમને પોતાની પાછળ પાછળ ચાલ્યા આવવાનો ઈશારો કર્યો. આ શબ્દો વૈખરી વાણીથી પ્રગટ્યા હતા કે પરા વાણીથી, એ કંઈ

સ્પષ્ટ થઈ રહ્યું ન હતું , વધુ પડતું સંભવ તો એ લાગી રહ્યું હતું કે આ શબ્દો સીધા અંતઃકરણમાંથી જ પ્રેરણા રૂપે પ્રગટ્યા હોય. તેને માટે વાણી કે કંઠની જરૂરિયાત પડતી નથી. ગુરુદેવનો ઈશારો જોઈ શ્રીરામ જે સ્થિતિમાં બેઠા હતા, એ જ સ્થિતિમાં પાછળ પાછળ ચાલવા લાગ્યા. આંબલખેડાથી સાથે લાવેલા કપડાંનું કોઈ ભાન જ ન રહ્યું. ગુરુદેવ તીવ્ર ગતિએ પગ આગળ માંડી રહ્યા હતા. જે સરળતાથી તેઓ જમીન પર ચાલી રહ્યા હતા, એ ગતિએ ચાલવું અસંભવ પ્રતીત થઈ રહ્યું હતું. એવું લાગી રહ્યું હતું કે જાણે તેમની ઉપર પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળની કોઈ અસર જ ન થઈ રહી હોય. તેમના પગ એવી રીતે આગળ પડતા હતા કે જાણે તેઓ હવામાં તરી રહ્યા હોય. રૂના પુમડાની જેમ યા તો ધુમાડાની બનેલી આકૃતિ જેમ તેઓ આગળ વધી રહ્યા હતા. શ્રીરામ પણ ખૂબ જ હળવા ફૂલ જેવા બની તેમની પાછળ પાછળ ચાલી રહ્યા હતા, ક્યારેક એવો આભાસ થતો કે તેઓ હવામાં તરી રહ્યા છે. એક સરોવર આવતાં જ તેઓ બંને થંભી ગયા.

ગુરુદેવે એ સરોવરમાં પ્રવેશ કર્યો. તેઓ જે રીતે ધરતી પર ચાલતા હોય એ રીતે પાણીની સપાટી પર ચાલી રહ્યા હતા. તેનાથી પાણીમાં ન તો કોઈ પ્રકારના આંદોલનો પેદા થઈ રહ્યા હતા, ન તો તેમના પગ પાણીમાં ડુબી રહ્યા હતા યા ભીંજાઈ રહ્યા હતા. ગુરુદેવ બ્રહ્મકમળ પાસે આવીને ઉભા રહ્યા. તેમણે તેને સ્પર્શ કર્યો અને હાથ ઉપર ઉઠાવ્યો. ફૂલ આપોઆપ ત્યાંથી ઉંચે ઉઠી તેમના હાથમાં આવી ગયું. બીજા સામાન્ય પુષ્પોથી ઘણું જ નાનું હતું. લગભગ કળી જેવો આકાર ધરાવતું હતું. તેઓ બ્રહ્મકમળ ઉઠાવી સરોવરની બહાર કિનારે આવી ગયા અને તેને શ્રીરામના હાથમાં પકડાવી દીધું.

બ્રહ્મકમળને સ્પર્શ કરતાં જ શ્રીરામને લાગ્યું કે હવે શરીર રૂના કોઈ પુમડાં જેવું હળવું બની ગયું છે. ઠંડીનો અનુભવ પણ થઈ રહ્યો ન હતો. સર્વત્ર દૂરદૂર સુધી ફેલાયેલી બરફની જાજમ પરથી ઉડીને આવતી ઠંડી હવાની થાપટોની કોઈ અસર થતી ન હતી. જોકે આ ઠંડીના કારણે શરીરમાં ધ્રુજારી તો પહેલાં પણ આવતી ન હતી. ગુરુદેવની ઉપસ્થિતિ પ્રથમથી જ શરીરની આસપાસ હુંફાળા વાતાવરણથી ઘેરાવો બનાવી ચુકી હતી. શ્રીરામને બ્રહ્મકમળ હાથમાં લેતા જ એક નવી સ્ફૂર્તિનો અનુભવ થયો. ઝડપી પગલાં માંડવાના કારણે થોડો ઘણો થાક લાગ્યો હોવાનો અનુભવ થઈ રહ્યો હતો, તે તદ્દન અદૃશ્ય થઈ ગયો.

માર્ગદર્શક દિવ્ય આત્માએ આગળ ડગ માંડ્યા. શ્રીરામ તેમની પાછળ પાછળ ચાલી નિકળ્યા. તેમને પોતાના પગ જમીનથી અધ્ધર ઉઠતા હોય એવું

જણાઈ રહ્યું હતું. જાણે તેમને ચાલવામાં કોઈ મહેનત જ કરવી પડી રહી ન હતી. મનમાં તેમને ભાન થયું કે સિધ્ધિઓની શા માટે જરૂરિયાત પડે છે? ખાડા ખૈયા ધરાવતા રસ્તા પર ચાલવાથી શરીર એટલું બધુ થાકી જાય છે કે બેસીને આસન લગાવવું અને ધ્યાન કરવું મુશ્કેલ થઈ પડે. આજની આ સારી પરિસ્થિતિમાં ભલે એ સિધ્ધિઓની જરૂરિયાત ન ઉદ્‌ભવે, પરંતુ એ દિવસોમાં હિમાલય જેવા ઉચ્ચ પર્વતાળ ઠંડા વિસ્તારમાં આવવા જવામાં નડતી મુશ્કેલીઓ સમજતા લોકો માટે આ સિધ્ધિઓનું કેટલું મહત્ત્વ છે એ સમજી શકાય તેમ છે.

આગળ આગળ ચાલતા ગુરુદેવ થોડા થોભી ગયા અને તેઓ કહેવા લાગ્યા, 'એટલું જ કારણ નથી. આ સિધ્ધિઓ સાધકની યાત્રામાં સૂચના આપવાની જેમ પણ છે. તે મળતી હોય તો સમજી શકાય કે સાધના સાચી દિશામાં ચાલી રહી છે, પરંતુ અહીં થોભી જવાનું નથી. એ જરૂરી નથી કે સિધ્ધિઓને જોઈને જ સાધનાની સ્થિતિ સમજવામાં આવે. એના સિવાય પણ યાત્રા ચાલી શકે છે.'

વાયુ તત્ત્વથી બનેલા શરીરની જેમ શ્રીરામનું શરીર પણ કોમળ પુષ્પની જેમ હળવું બની ગયું હતું. તેઓ ગુરુદેવનું અનુકરણ કરતા પાછળ પાછળ ચાલી રહ્યા હતા. માઈલો સુધી પ્રવાસ ખેડ્યા પછી, તેમને આ અત્યંત દુર્ગમ વિસ્તારના ખૂણેખૂણાનો પરિચય થવા લાગ્યો. સો માઈલના ઘેરાવામાં ચક્કર લગાવતા સમય કેટલો વહી ગયો તેનો કોઈ આભાસ ન થયો. જાણે માત્ર અડધા કલાકમાં પ્રવાસ પૂરો કરી લીધો હોય. આ વિસ્તાર સંપૂર્ણ રીતે નિર્જન હતો. અહીં કોઈની કોઈ ઉપસ્થિતિના લક્ષણો પણ જોવા મળતા ન હતા. છતાં પણ એવું લાગી રહ્યું હતું કે કેટલાક લોકો અહીં વસી રહ્યા છે. પરંતુ અત્યારે ક્યાંક ચાલ્યા ગયા હોય એમ લાગી રહ્યું હતું. વાતાવરણમાં ચારે બાજુ જાતજાતની ભાતભાતની સુગંધ મહેંકી રહી હતી. ત્યાં પરલક્ષિત થઈ રહેલા પુષ્પોમાંથી કોઈ પણ પુષ્પ આ પ્રકારની સુગંધનું સ્રોત તો હોઈ જ ન શકે. કેસર, ચંદન, કમળ, ચંપો, કેવડો, મોગરો અને રજની ગંધા સાથે લગભગ ભળતી આવતી આ મહેંક સર્વત્ર પ્રસરી રહી હતી. જ્યાં સુગંધ ફેલાયેલી હતી એ વિસ્તારમાં આમાંનું એક પણ સ્રોત જોવા મળતું ન હતું, શ્રીરામે કેટલીક જગ્યાએ ઉભા રહી દરેક પુષ્પોને સ્પર્શ કરી સુંઘી જોયા.

અહીં સૂક્ષ્મ શરીરધારી આત્માઓ સતત યજ્ઞ કરતા રહે છે. જેવો તેમનો સૂક્ષ્મ આત્મા હોય છે, તેવું જ તેમનું આયોજન. શ્રીરામના મનમાં આ જ્ઞાન અનાયાસ જ પ્રગટ થયું, છતાં પણ તેમને પોતાના પ્રશ્નનું પુનરાવર્તન ન કર્યું. સમગ્ર વિસ્તારમાં ફરી લેવા જેટલી તેની પરિક્રમા કરી લીધા પછી ગુરુદેવે

એક તેમને જગ્યાએ થોભી જવા ઈશારો કર્યો. તેઓ સ્વયં ત્યાં પડેલી શિલા પર બેસી ગયા. શ્રીરામ તેમની સમક્ષ બંને હાથ જોડી ઉભા રહ્યા. અત્યારે ગુરુદેવે સ્થૂળ શરીર ધારણ કર્યું હતું. તેમને જોઈ કે સ્પર્શ કરી અનુભવ કરી શકાય તેમ હતું. શ્રીરામ તરફ જોઈ તેમણે સામે જોવા ઈશારો કર્યો.

શ્રીરામ ગુરુદેવ દ્વારા ચિંધવામાં આવેલી દિશામાં દૃષ્ટિ ફેંકી. એ તરફ દૃષ્ટિ પડતાં જ વેદમંત્રોના મધુર ધ્વનિના ગુંજન સાથે ધુમ્રસેરો નિકળી રહી હતી. ત્યાં અનેક ઋષિઓ જુદા જુદા કુંડો પર બેસી યજ્ઞ કરી રહ્યા હતા. તેમની અવાજ અને મંત્રનો ઉચ્ચાર કરવાની શૈલી અત્યંત પ્રાચીન હોય તેમ લાગી રહ્યું હતું. આહુતિઓ આપી રહેલ તપસ્વીઓની કાયા હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્ત લાગી રહી હતી. દૂરથી જોતા જરાપણ એવું લાગી રહ્યું ન હતું કે તેઓ હજારો વર્ષથી ઉપવાસ કરી રહ્યા હોય અથવા શરીરને કોઈ પ્રકારે કષ્ટ પહોંચાડ્યું હોય.

અગ્નિહોત્રને નિહાળી શ્રીરામે સુધબુધ જ ગુમાવી દીધી. એક શિલા પર બેસી ગુરુદેવે શ્રીરામને ઓળખ આપતા કહ્યું,''આ સર્વે ઋષિ આત્માઓ છે તેઓ ધર્મનું રક્ષણ પોષણ કરવા માટે હંમેશા તપમાં લીન રહે છે. તેમને મોક્ષ પ્રાપ્ત કરવા અને પુણ્ય મેળવવા સાધના કરવાની જરૂરિયાત જ નથી. તેઓ અગાઉ આ સ્થિતિ પ્રાપ્ત કરી ચુક્યા છે. કરુણાવશ જ તેઓ અહીં રહી તપ કરી રહ્યા છે. આવનારા સમયમાં આ સૃષ્ટિનું સમતોલન સાધવા માટે તપ અને યજ્ઞોની જરૂરિયાત ઉદ્‌ભવશે. આ જવાબદારી તમારે પૂરી કરવાની છે.''

શ્રીરામે ગુરુદેવની વાત સાંભળી માથું ઝુકાવી લીધું. આ તેમનો આજ્ઞા શિરોધાર્ય કરવાનો સંકેત હતો. ગુરુદેવ વળી પાછા આગળ કહેવા લાગ્યા,''સૂક્ષ્મ વાતાવરણનું શોધન કરવા માટે કર્મકાંડ જ પર્યાપ્ત નથી. તેમાં પ્રાણ પણ હોવો જોઈએ. આ તપસ્વીઓ યજ્ઞો, અનુષ્ઠાનો અને ધાર્મિક કાર્યક્રમોમાં શક્તિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ મહાન તપ તમે પણ આરંભ કરી ચુક્યા છો. સૂક્ષ્મ જગતનું પરિશોધન અને સુતેલા આત્માઓમાં ચૈતન્ય લાવવા માટે તમારે ખાસ પ્રયત્ન કરવા પડશે. યોગ્ય સમયે તમને તેનું વિધિ વિધાન બતાવતો રહીશ.''

આ શબ્દો સાથે ગુરુદેવે પોતાની વાત પૂરી કરી. તેઓ જે રીતે ચુપ થઈ ગયા, તેનાથી લાગી રહ્યું હતું કે વૈખરી વાણીથી આટલું કહેવું જ પર્યાપ્ત છે. હવે તો તેમને જે કહેવું હશે, તે અંતઃકરણમાં પોતાની જાતે જ સ્ફૂરિત થશે. માર્ગદર્શક આત્મા હવે ચાલવાની તૈયારીમાં હતો. શ્રીરામે અનુભવ કર્યો કે યજ્ઞ કરી રહેલ સિધ્ધ આત્માઓ પોતાની જગ્યા છોડી નજીક આવી રહેલ છે. જાણે તેઓ વિભિન્ન દિશાઓમાંથી ચાલીને આવ્યા હોય. એ કહેવું વધુ યોગ્ય લેખાશે

કે તેઓ અહીં પ્રગટ થયા હતા. સંભવ છે કે તેઓ ગુરુદેવની સમક્ષ વિભિન્ન દિશાઓમાંથી ચાલીને આવ્યા હોય. ગુરુદેવની સમક્ષ તેઓ સૌ વિનય દાખવતા, શ્રધ્ધાપૂર્વક પ્રણામ કર્યા. તેમને પ્રણામ કરતા જોઈ શ્રીરામે એ તમામ તપસ્વીઓના ચરણોમાં માથું નમાવ્યું.

ત્યાંથી શ્રીરામ પોતાના ગુરુદેવનું અનુકરણ કરતા આગળ વધ્યા. ત્યાં ધ્યાનમુદ્રામાં લીન કેટલાક ઋષિમુનિઓની સમીપ લઈ આવ્યા. ગુરુદેવે બતાવ્યું કે લગભગ તેઓ આજ સ્થિતિમાં ધ્યાન મગ્ન રહે છે. તેઓ વિના કારણે પોતાનું ધ્યાન તોડતા નથી. તેમણે શ્રીરામને એક એક કરીને સૌના નામ બતાવ્યા અને તેમના સૂક્ષ્મ શરીરના દર્શન કરાવ્યા. એ સૌને શ્રીરામના આગમનની વાત અગાઉથી જ વિદિત હતી. જેથી તેઓ બંને જ્યાં પણ જે સમયે પહોંચ્યા ત્યારે, તેમના નેત્રો ખુલ્લી ગયા. ચહેરા પર મંદ મંદ સ્મિત રેલાયું. તેમનું માથું માત્ર એટલું જ ઝુક્યું, જાણે તેઓ શ્રીરામ દ્વારા કરવામાં આવેલ પ્રણામનો પ્રત્યુત્તર આપી રહ્યા હોય. તેમનો કોઈની સાથે વાર્તાલાપ ન થયો.

## વળતો પ્રવાસ

ગુરુદેવે શ્રીરામને સંબોધી કહ્યું, ''હવે તમે અંતઃકરણનું અનુકરણ કરો. તેમાંથી જેવી પ્રેરણા જાગે, એ દિશામાં આગળ વધો.'' શ્રીરામે તેમના આ આદેશને સાંભળ્યો અને એ આશ્વાસન પણ સાંભળ્યું કે તમે જ્યાં પણ જશો, ત્યાં તમોને મારું રક્ષણ અને ઋષિ આત્માઓની પરિમાર્જન વ્યવસ્થા પ્રાપ્ત થતી રહેશે. થોડા સમય પછી મનમાં પ્રેરણા જાગી કે હવે આ યાત્રાના પથ પર આગળ વધતા ગંગોત્રી તરફ પ્રસ્થાન કરવાનું છે. થોડો સમય અહીં જ પસાર કરવામાં આવે. હવે ગંગોત્રી સુધી પહોંચતા વધુ સમય નહીં લાગે.

પોતાના ગુરુનું સાન્નિધ્ય, માર્ગદર્શન મેળવ્યા બાદ તેમની આજ્ઞા લઈ શ્રીરામનો પાછો ફરવાનો ક્રમ શરૂ થયો. અકથ્ય અવર્ણનીય આનંદથી તેમનું મન નાચી રહ્યું હતું. હિમાલયના ખોળામાં થયેલા અલૌકિક અનુભવોએ તેમના હૃદયમાં તાજગી ભરી દીધી હતી. વળતો પ્રવાસ ખૂબ જ સરળ રહ્યો. કારણ કે ઢોળાવ વાળા રસ્તે નીચે ઉતરવું ખૂબ જ આસાન હોય છે. ચાલવાની ગતિ વધે છે, થાક પણ ઓછો લાગે છે. શ્રીરામ હિમાલયની કંદરાઓમાં પથરાયેલ નિસર્ગના અનુપમ સૌંદર્યને માણતા અલૌકિક અનુભવો અને સંસ્મરણોને વાગોળતા વાગોળતા ગૌમુખ વટાવી ગંગોત્રી આવી પહોંચ્યા.

ગંગોત્રી પહોંચ્યાના થોડા દિવસ બાદ શ્રીરામની અમૃતાશનબાબા નામના એક સાધુ સાથે મુલાકાત થઈ ગઈ. તેઓ સ્વયં શ્રીરામને શોધતા શોધતા ગંગાના તટ પર બનેલા ગંગા માતાના મંદિર સુધી આવ્યા હતા. મુલાકાત

દરમ્યાન તેમની બંનેની વચ્ચે ખાસ કોઈ વાત ન થઈ. તેઓ ચાલ્યા ગયા પછી શ્રીરામને ખબર પડી કે તેઓ ખાંડેલા કે દળેલાં અનાજનો આહાર લેતા નથી. ઘઉં, ચોખા, ચણા અને મગ વગેરે ધાનને એકી સાથે ઉકાળી તેનું આહારરૂપે સેવન કરે છે. વર્ષોથી તેઓ આ વ્રતનું પાલન કરી રહ્યા છે. આહારના આ સંકલ્પને તેઓ ક્યારે પણ ખંડિત કરતા નથી. અનાજને જીવંત તથા અખંડ સ્થિતિમાં લેવાના કારણે તેમનું નામ અમૃતાશન બાબા પડ્યું હતું. અમૃતાશન અર્થાત્ અશન (આહાર) અમૃત (અખંડ-અતૂટ) છે.

એ સંન્યાસીએ ભાગીરથ શિલા તરફ આગળ વધવા ઈશારો કર્યો. આ શિલા પર રાંધવામાં આવેલ ભાત તથા તુલસીના પાંદડા ચઢાવવામાં આવ્યા હતા. એ સંન્યાસીએ શ્રીરામને જણાવ્યું કે લોકો અહીં આવી પોતાના પૂર્વજો, વડવાઓ અને ઋષિઓનું તર્પણ કરે છે. ખરેખર તો તેનું મહત્ત્વ રાજા ભગીરથના કારણે છે. તેમણે જ પોતાના પૂર્વજોના ઉધ્ધાર માટે આ શિલા પર બેસી તપ કર્યું હતું. તેમના તપથી પ્રસન્ન થઈ ગંગાજી પૃથ્વીલોક પર અવતરિત થઈ. જેમણે પણ જગતના કલ્યાણ માટેનું મહાન કાર્ય હાથ ધરવાનું છે, એમણે ભગીરથની જેમ તપ કરવાનું હોય છે. પેલા અમૃતાશન નામના સંન્યાસી આટલું બોલતા બોલતા ચુપ થઈ ગયા. એ શિલા પાસે એક ક્ષણ રોકાયા અને આંખો બંધ કરી બેસી ધ્યાન કર્યા પછી શ્રીરામ ગંગોત્રીમાં કોઈ યોગ્ય સ્થળે ચાર પાંચ દિવસ રોકાવા માટે જગ્યાની શોધ કરવા લાગ્યા. એ સમય ગાળો પૂરો થતાં જ હિમાલયમાં થયેલા અનુભવો અને સંસ્મરણોમાં ડૂબતા બહાર આવતા શ્રીરામ આંબલખેડા પાછા ફર્યા. પોતાના વહાલસોયા, લાડકવાયાને હેમખેમ પાછો આવેલો જોઈ તાઈજી નિશ્ચિંત બની ગયા.